જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર
મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં
પત્રકારો તેમજ
પ્રેસ પ્રતિનિધિઓ
નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર,
મેરૂલક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર
મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૭૫૭૫૦ ૦૬૮૫૦

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । ગુરુવાર । તા. ૨૧-૦૨-૨૦૧૯ । વર્ષ : ૧૫ । અંક : ૨૫ । પાના : ૦૪ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છાપી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

મોહમ્મદ બિન સલમાન બે દિવસની ભારત મુલાકાતે, પીએમ મોદીએ પ્રોટોકોલ તોડી ઉમળકાભેર સ્વાગત કર્યું

મોદી અને સાઉદી પ્રિન્સની મુલાકાત, આતંકવાદ મુદ્દે 'હમ સાથ-સાથ હૈ'

પ્રિન્સને 'ગાર્ડ ઓફ ઓનર' અપાયું, ૪૪ બિલિયન ડોલરના રોકાણનું વચન, દ્વિપક્ષીય સંબંધો મજબુત થયા



ન્યુ દિલ્હી

સાઉદી અરબના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન સઉદે બુધવારે નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી. બંને દેશો વચ્ચે પાંચ સમજૂતી થઈ. આ પ્રસંગે વિદેશ મંત્રી સુષમા સ્વરાજ પણ હાજર રહ્યાં. મોદી-સલમાન વચ્ચે સુરક્ષા, સહયોગ અને નેવી અભ્યાસ જેવાં મામલાઓ પર ચર્ચા થઈ. આ પહેલાં સલમાનનું રાષ્ટ્રપતિ ભવનમાં ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રકારના ઉમળકાભેર સ્વાગતથી ગદગદ થઈ સાઉદી અરબના ક્રાઉન પ્રિંસ મોહમ્મદ બિન સલામાને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રત્યે પોતાની લાગણી વ્યક્ત કરી હતી. ક્રાઉન પ્રિંસે કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી મારા મોટા ભાઈ જેવા છે. હું તેમનો નાનો ભાઈ છું.

બંને દેશો વચ્ચે પાંચ સમજૂતી થઈ જેમાં ભારત અને સાઉદી અરબ વચ્ચે ઉર્જાને લઈને કરાર, પર્યટન ક્ષેત્રમાં એમઓયુ પર હસ્તાક્ષર થયા, દ્વીપક્ષીય કારોબારને વધારવા માટે કરાર, પ્રસાર ભારતી અને સાઉદી અરબ વચ્ચે પ્રસારણને લઈને કરાર, ઈન્ટરનેશનલ સોલર એલાયન્સના ક્ષેત્રે કરાર

કરાર પછી વડાપ્રધાન મોદીએ કહ્યું કે, "પ્રિન્સ સલમાનની પહેલી ભારત મુલાકાતને લઈને તેમના સ્વાગતને લઈને ખુશી થાય છે. બંને દેશો વચ્ચેના સંબંધો નજીકના અને જૂનાં જ છે. તમારા માર્ગદર્શનથી અમારા દ્વિપક્ષીય સંબંધોમાં મધુરતા આવી છે. તમારા માર્ગદર્શનથી અમારા દ્વિપક્ષીય સંબંધોમાં મધુરતા આવી છે. ૨૧મી સદીમાં સાઉદી અરબ ભારતની ઉર્જાનો મહત્વપૂર્ણ સ્ત્રોત છે."

ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સઉદે કહ્યું કે, ભારતમાં ડેલિગેશન હેડ તરીકે આ મારો પહેલો પ્રવાસ છે. બન્ને દેશોએ છેલ્લા ૫૦ વર્ષમાં સંબંધોમાં મજબૂતાઈ મેળવી છે. અમે કૃષિ, ઉર્જાનાં ક્ષેત્રે મળીને આગળ વધીશું. અમે ૪૪ હજાર બિલિયનનું રોકાણ કર્યું છે. અમે ઈચ્છીએ છીએ કે બન્ને દેશો મળીને રોકાણને ફાયદાકારક બનાવીશું. જ્યાં સુધી આતંકવાદની વાત છે તો હું કહેવ માગીશ કે સાઉદી તેની સામે ભારત સાથે મળીને કામ કરશે. અમારે તમારો આભાર માનીશું. મોદી તેમની સામે આંતકવાદનો મુદ્દો પણ ઉઠાવી શકે છે. પ્રિન્સ પોતે પણ બન્ને દેશો વચ્ચે તણાવમાં ઘટાડો કરવા માટે પહેલ કરી શકે છે. વિદેશ મંત્રાલયનાં પ્રવક્તા રવીશ કુમારે કહ્યું કે પ્રિન્સનાં આ પ્રવાસમાં બન્ને દેશો વચ્ચે પાંચ કરાર પર હસ્તાક્ષર થવાની શક્યતાઓ છે. જેમાં રોકાણ, પર્યટન , હાઉસિંગ, સૂચના અને પ્રસારણ જેવા ક્ષેત્રો પણ સામેલ છે. મંગળવારે રાતે ક્રાઉન પ્રિન્સ સલમાન દિલ્હી પહોંચી ગયા હતા. અહીં વડાપ્રધાને જાતે એરપોર્ટ પર જઈને તેમનું સ્વાગત કર્યું હતું. બંને દેશો વચ્ચે આજે ઘણાં આર્થિક કરાર થવાની શક્યતા છે. જોકે દરેક લોકોની નદર આતંકવાદ મુદ્દા પર ટકેલી છે. તે ઉપરાંત બુધવારે સાઉદી પ્રિન્સ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડૂ સાથે પણ મુલાકાત કરે તેવી શક્યતા છે.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં
આપનું રજીસ્ટ્રેશન કરાવો અને
૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી
આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

અનિલ અંબાણીને ૧ કરોડ રૂપિયાનો દંડ, એક મહિનામાં ૪૫૩ કરોડ નહિ ચૂકવાય તો જેલમાં જવું પડશે

એરિક્સન વિવાદમાં અનિલ અંબાણી દોષી જાહેર, જેલની શક્યતા



ન્યુ દિલ્હી

અનિલ ધીરૂભાઈ અંબાણી ગ્રુપના પ્રમુખ અનિલ અંબાણીને સુપ્રીમકોર્ટથી મોટો ઝટકો લાગ્યો છે. તેમણે પોતાની કંપની સમૂહના બે ડાયરેક્ટરો સાથે જેલ પણ થઈ શકે છે. વાત જાણે એમછે કે સુપ્રીમકોર્ટે એરિક્સન ઈન્ડીયાની અરજી પર અનિલ અંબાણી સહિત તેમના બે ડાયરેક્ટરો ને કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટનાં દોષી જાહેર કર્યા છે. કોર્ટે કહ્યું હતું કે તેમણે જાણી જોઈને ચૂકવણી કરી નથી. અનિલ અંબાણીની કંપની આરકોમે એરિક્સને ૫૫૦ કરોડ રૂપિયાની ચૂકવણી કરવાના બાકી છે. મામલો એરિક્શન ઈન્ડીયાને ૫૫૦ કરોડ રૂપિયા આપવાનો હતો. આપને જણાવી દઈએ કે રિલાયન્સ ગ્રુપના અધ્યક્ષ અનિલ અંબાણી અને બીજા બે ડાયરેક્ટરોને ચુકવણી નહી કરતા ટેલિકોમ ઉપકરણ નિર્માતા એરિક્શને સુપ્રીમકોર્ટમાં ત્રણ અવગણના કરવાના કેસ દાખલ કર્યા છે. કોર્ટે અનિલ અંબાણી અને રિલાયન્સ ગ્રુપના બે ડાયરેક્ટરોને ૪ અઠવાડિયાની અંદર એરિક્શનને ૪૫૩ કરોડ રૂપિયા ચુકવવાનો આદેશ કર્યો છે. સાથે જ કહ્યુ છે કે સમયસીમાની અંદર પેમેન્ટ નહી ચુકવવામાં આવે તો ત્રણેયને ત્રણ ત્રણ મહીનાની જેલની હવા ખાવાની નોબત આવશે. સુપ્રીમકોર્ટે લાલ આંખ કરતા ત્રણેયને કોર્ટની અવગણના કરવાનો એક એક કરોડનો દંડ ફટકાર્યો છે. જો એક મહીનામાં દંડની રકમ જમા નહી કરવામાં આવે તો ૧ મહીનાની જેલની સજા માટે તૈયાર રહેવુ પડશે. સુપ્રીમ કોર્ટ આરકોમને ૧૫ ડિસેમ્બર સુધીમાં ચૂકવણી કરવાના આદેશ આપ્યા હતા. સમગ્ર મામલામાં જે બે ડાયરેક્ટર વિરૂદ્ધ સુપ્રીમકોર્ટે કાર્યવાહી કરી છે તેમાં તેમાં રિલાયન્સ ટેલિકોમના ચેરમેન સતીશ શેઠ અને રિલાયન્સ ઈન્ફ્રાટેલના ચેરમેન છાયા વિરાણીનો સમાવેશ થાય છે.

હવે એરિક્શન ઈન્ડીયાએ આરોપ લગાવ્યો છે કે રિલાયન્સ ગ્રુપની પાસે રાફેલ વિમાન સૌદામાં રોકાણ માટે જે રકમ લગાવી છે તેમ છતા ૫૫૦ કરોડ રૂપિયાની ચુકવણી કરવા અસમર્થ છે. અનિલ અંબાણીના નેતૃત્વવાળી કંપનીએ આ તમામ આરોપથી ઈક્કાર કર્યો છે.

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847
7575006848
7575006850
Whats-App Time 10 am to 5 pm

MARKET 4U™
આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની
વાપરનારની સુરક્ષા માટે અને વાહન ક્યાં છે તે જાણવા
GPS સિક્યુરિટી ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૫૧૦૦/- (+જીએસટી ૧૮%)માં
સાથે મેળવો ત્રણ વર્ષ ઓનલાઇન જાહેરાતની સુવિધા
અન્યને સમજાવો તો વધારાની આવક પણ ખરી જ.
તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત
આપના બંધ પડેલ જીપીએસ પણ
સ્કીમ અંતર્ગત ચાલુ કરવાનો પ્રયત્ન કરો.
ચૂકવો માત્ર ૫૦૦/- એક વર્ષ માટે
ધનંજય ઝવેરી તમામ શહેરોમાં એજન્સી આપવાની છે.
Mo. 7575006847

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા
પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.
તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની સ્થાના કરીએ.
CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.
અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. શરૂઆતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનથી બાકીના રૂપિયા કામ મુજબ ચચેલ આવકમાંથી ચુકવાઇ જશે, જે માટે સાથે દર્શાવેલ ફોરમ પરથી આપ સમજી શકશો.
તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.
MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો
અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો
Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકસ્ટ્રા ઇનકમ મેળવી આપના કમાયેલા પૈસામાંથી
(PLAN - A)
બાકીના ૧૬૫૦/- (ઓટો મોડવી કરાવી) આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો. જેના માટે આપે શરૂઆતમાં ૫૫૦/- ભરવાના રહેશે.
(PLAN - B)
બીજા ત્રણ વર્ષ માટે ૫૦૦૦/- (ઓટો મોડવી કરાવી) આપનો કોડ બીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો. સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો જેના માટે આપે શરૂઆતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે. આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A	
LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-



માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય
તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશોષ મોદી 7016046096
13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850
connectindians1@gmail.com

પુલવામાની દુખદ ઘટના ભારતના આર્થિક રાજકીય સમીકરણો બદલી નાખશે

ગત તા. ૧૪ ફેબ્રુઆરી વેલેન્ટાઈન દિને કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી ગુજરાતના વલસાડ જિલ્લામાં આદિવાસી વિસ્તારમાંથી પ્રચારના શ્રી ગણેશ કરી રહ્યા હતા. એજ દિવસે જમ્મુ – કાશ્મીરના પુલવામા ખાતે આતંકવાદીઓએ અતિભયંકર વિસ્ફોટ દ્વારા ૪૦ સીઆરપીએફ જવાનોની જીંદગી રોળી નાખી. આ ઘટનાએ દેશના નાગરિકોને હચમચાવી દીધાં છે. દેશનો દરેક નાગરિક રાષ્ટ્રવાદી જ હોય છે તે આ ઘટના બાદ દેશ જોઈ રહ્યો છે. નાના ગામડાથી મેટ્રો શહેરો સુધી દરેક નાગરિક શહીદોને શ્રદ્ધાંજલિ આપવા રસ્તા પર નીકળી પડતા જોવા મળે છે. પાકિસ્તાન સામે રોષ નહિ આગ ઝરતો આક્રોશ જોવા મળે છે. આપણા વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ એ દેશને આસ્વસ્થ કર્યો છે કે સેનાને હવે પૂરી સ્વતંત્રતા આપી દીધી છે. પાકિસ્તાન અને આતંકવાદી સામે શું પગલા લેવા , ક્યારે અને કેવી રીતે કાર્યવાહી કરવી તે સેના એ નક્કી કરવાનું છે.

આ વખતે પાકિસ્તાનને પાઠ ભણાવવામાં કોઈ કચાશ નહિ રહે એવું વાતાવરણ ઉભું થયું છે. અને દેશની જનતાની લાગણી અને માંગણી પણ એજ છે. આ સ્થિતિમાં આપણી સરકારે પ્રજાના અવાજને અનુસર્યા વિના છૂટકો નથી.

દેશમાં સંસદની આગામી ચુંટણીને લઈને જે રાજકીય માહોલ ગરમાયો હતો , તેમાં આ એક ઘટનાએ અલ્પ વિરામ મૂકી દીધો છે. દેશના રાજકીય પક્ષોને ઘણા વર્ષો પછી દેશની જનતાએ એક સરખી ભાષામાં વાત કરતા સાંભળ્યા છે.

જો ચુંટણી પહેલાં લશ્કર દ્વારા કોઈ નક્કર અને નિર્ણાયક કાર્યવાહી કરવામાં આવે , તો દેશના આર્થિક , સામાજિક અને રાજકીય સમીકારાઓ બદલાઈ જશે. એક તરફ વૈશ્વિક મંદીના પગરણ શરુ થયા છે. દેશમાં બેરોજગારીનો પ્રશ્ન વિકટ છે , તેવાં સમયે યુદ્ધ જેવી સ્થિતિમાં લોકોએ ૧૯૬૫ નાં યુદ્ધની માફક ' શાસ્ત્રીજી ના સોમવાર ' દ્વારા જે રીતે સરકારને સહયોગ આપ્યો હતો , તેમ પોતાની જરૂરીયાત ઘટાડીને પણ સરકારને સહાય કરવી પડશે , સાથે મોંઘવારી સહન કરવી પડશે.

સામાજિક રીતે જોઈએ તો અત્યારે પ્રસંગો પાછળ થતા ધૂમ ખર્ચાઓમાં કાપ આવી જશે લોકો સાદાયથી પ્રસંગ ઉકેલવા તરફ વળશે. અને રાજકીય રીતે જોઈએ તો જો ચુંટણી પહેલાં યુદ્ધ અથવા મીની યુદ્ધની સ્થિતિ સર્જાશે તો વડાપ્રધાન નરેન્દ્ર મોદી ને પ્રજા ઉમળકાભેર સત્તા સ્થાને બેસાડશે.

દેશની પ્રજામાં અત્યારે ભયંકર આગ પ્રજવલિત હોવાથી તાકીદે કાર્યવાહી ની અપેક્ષા રાખે છે. પરંતુ લશ્કરી કાર્યવાહી કરવા માટે અનેક બાબતોનું ધ્યાન રાખવું પડે છે , સ્થિતિ – સંજોગો અને આયોજન મુજબ જ કાર્યવાહી થઈ શકે છે. અત્યારે બરફ વર્ષા જેવી પ્રતિકુળ આબોહવા છે. પેટ્રોલ – ડીઝલનો પુરતો સ્ટોક અનિવાર્ય છે. આ સ્થિતિમાં આજ ને આજ હુમલો કરી દેવો શક્યા હોતો નથી. પરંતુ કાર્યવાહી થશે તેમાં કોઈ શંકા નથી. આપણે નાગરિકોએ પણ તેના માટે સજ્જ રહેવું પડશે.

ગુજરાત સરકારનું વચગાળાના અંદાજપત્ર માં કેન્દ્રની નકલ જોવામળી

ગઈકાલ તા. ૧૯ ફેબ્રુઆરીએ ગુજરાતના નાણામંત્રી નીતિન પટેલે વર્ષ ૨૦૧૯ – ૨૦ નું ચાર માસ માટેનું લેખાનું દાન રજુ કર્યું. જયારે ચુંટણી આવી રહી હોય ત્યારે સરકાર પ્રજાને પ્રલોભનો ન આપી શકે તે માટે ચુંટણી પૂરી થતા સુધીના સમય માટે લેખાનું દાન અથવા વચગાળાનું બજેટ રજુ કરવામાં આવે છે. આ લેખાનું દાનમાં ચાર માસ માટે જરૂરી ખર્ચ કરવાની વિધાનસભાની મંજુરી મેળવવા પુરતું જ હોઈ શકે.

કેન્દ્ર સરકારે ચાર માસ માટેનું બજેટ રજુ કરીને અનેક જાહેરાતો કરી. કેન્દ્ર સરકાર માટે તે જરૂરી એટલા માટે હતું કે સંસદની ચુંટણી યોજાવાની છે. મેં માસ પછી સરકાર આવે તે નક્કી નથી હોતું. જેથી ભાજપ સરકાર પોતાની યોજનાઓ આ ચારમાસ માટેના લેખાનું દાન માં આવરી લીધી હતી. પરંતુ ગુજરાત સરકારની વાત અલગ છે. એપ્રિલ થી જુલાઈના ખર્ચના બજેટની મંજુરી પછી , જુલાઈમાં જયારે વિધાનસભા સત્ર મળવાનું છે , ત્યારે પણ નાણામંત્રી નીતિન પટેલ અને મુખ્યમંત્રી વિજય રૂપાણી એટલે કે ભાજપની જ સરકાર હશે. આમ છતાં મંગળવારે રજુ થયેલા લેખાનું દાનમાં વર્ષ ૨૦૧૯ – ૨૦ ના સમગ્ર વર્ષનું અંદાજપત્રનું કદ રૂ. ૧,૯૧,૮૧૭ કરોડ નું નક્કી કરી નાખ્યું છે. સામાન્ય બજેટ માફક સરકારે નવી બાબત સિવાયની તમામ યોજના , ચાલુ સેવામાં વધારો વગેરે કરીને સામાન્ય બજેટ માફક રજૂઆત કરી છે. સામાન્ય રીતે લેખાનું દાન એક પાનાનું હોય છે. તેના બદલે બજેટનું સાહિત્ય તૈયાર થઈ ગયું , એટલું જ નહિ વાર્ષિક કદ જે નક્કી કર્યું , તે પૈકી ચાર માસ માટે કેટલી રકમ ગૃહમાં મંજુરી માટે રજુ કરવામાં આવશે તે અંગે રાજયના નાણા વિભાગના ઉચ્ચ અધિકારીઓ પાસે માહિતી પણ ન હતી. પત્રકારોએ પ્રશ્નો નો મારો ચલાવ્યો , ત્યારે ગણિત ગણવા મંડેલા નાણા વિભાગના અધિકારીઓ એક નાનો દાખલો ગણી શક્યા નહિ.

સૈનિકોને શ્રદ્ધાંજલિ આપવામાં પણ રાજનીતિ

તા. ૧૮ ફેબ્રુઆરીના રોજ ગુજરાત વિધાનસભા સત્રના પ્રથમ દિવસે રાજયપાલના પ્રવચન બાદ પૂર્વ ધારાસભ્યો કે જેમના અવસાન થયા છે તેઓ તથા પુલવામા ખાતેના શહીદોને શ્રદ્ધાંજલિ આપતો શોક પ્રસ્તાવ રજુ કર્યો હતો. મુખ્યમંત્રી વિજય રુપાણીએ શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં કોઈ રાજકીય ટીપ્પણી કરી ન હતી. પરંતુ વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણીએ શરૂઆત કરી અને નીતિન પટેલે તેણે આગળ ધપાવી રાજકીય આક્ષેપો દ્વારા શોક પ્રસ્તાવની ગરીમાને ન છાજે એવા દ્રશ્યો જોવા મળ્યા. એક તરફ દેશભરના નાગરીકો નાત – જાત – ધર્મ ને બાજુ પર મૂકી શહીદોને શ્રદ્ધાંજલિ આપવા નીકળે છે , રોષ ઠાલવે છે , ત્યારે રાજકારણીઓ આ ઘટનામાં પણ રાજકીય હિસાબો ચૂકતે કરવાનું ચુકતા નથી એ શરમજનક છે.

દુનિયાએ ભ્રષ્ટાચાર નિર્મૂલનની માત્ર વાતો કરી, ગુજરાતે ખરેખર ઘટાડો કર્યો - શ્રી સૌરભભાઈ પટેલ

ગુજરાતમાં મિનિમમ ગવર્મેન્ટ અને મેક્સીમમ ગવર્નન્સ છે એટલે જ વિશ્વમાં બેસ્ટ છે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની સફળતાને કારણે ગુજરાતે દાઓસ ઓફ ધી ઈસ્ટની ઉપમા મેળવી છે

રાજ્યપાલશ્રીના પ્રવચનના આભાર પ્રસ્તાવ દરમિયાન વિધાનસભામાં મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ નું ઉદબોધન

દુનિયામાં ભ્રષ્ટાચાર નિર્મુલનની માત્ર વાતો થઈ છે પરંતુ, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વહીવટમાં ટેકનોલોજીનો મહતમ ઉપયોગ કરીને ભ્રષ્ટચારમાં ખરેખર ઘટાડો કર્યો છે. વિધાનસભા ગૃહમાં રાજયપાલશ્રીના પ્રવચન પરના આભાર પ્રસ્તાવની પહેલા દિવસનીચર્ચાના સમાપને ઉર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, કિસાનો ઉદ્યોગોના પ્રશ્નો ઉકેલે છે, રોજગારીની વિપુલ તકો ઉભી થાય છે એટલે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર વારંવાર આવતી રહે છે. ગુજરાતમાં મિનિમમ ગવર્મેન્ટ અને મેક્સિમમ ગવર્નન્સ છે પરિણામે લોકોને ઓછી આપદા પડે છે અને એટલે જ ગુજરાત આખા દેશમાં સર્વશ્રેષ્ઠ છે.

ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી જેવું નેતૃત્વ બીજી વાર ન મળે એમ કહીને મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં એવી તાકાત છે કે આખું વિશ્વ આજે ભારતને સન્માનનીય દ્રષ્ટિએ જોઈ રહ્યું છે. તેમણે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની સફળતા અંગે બોલતા કહ્યું હતું કે, ગુજરાત આજે આ ગ્લોબલ સમિટના કારણે દાઓસ ઓફ ધી ઈસ્ટ તરીકે ઓળખાવા લાગ્યું છે. ઉર્જા મંત્રી શ્રી સૌરભભાઈ એ કહ્યું કે, દુનિયામાં ભ્રષ્ટાચાર નાબૂદીની વાતો થાય છે પરંતુ ગુજરાત સરકારે તો મક્કમ નિર્ધાર કરીને નેસ્ત નાબૂદ કરી દીધો છે. ટેક્નોલોજીના માધ્યમ દ્વારા ભ્રષ્ટાચાર ઘટાડયો છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી એ પણ ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.ટેકનોલોજી થકી લીઝની ૬૦૦થી વધુ ઓક્શન કરીને પારદર્શિતા લાવ્યા છીએ તેમણે કહ્યું કે, બોલવાથી કંઈ થતું નથી એ માટે દૃઢ નિર્ધાર અને કામ કરવાની પ્રબળ ઈચ્છાશક્તિ જોઈએ જેના લીધે રાજ્ય સરકાર આગળ વધી રહી છે. ખેડૂતોને ૭-૧૨ અને ૮-અના ઉતારા ઓનલાઈન આપ્યા છે અને જમીનની એન.એ. પ્રક્રિયા પણ ઓનલાઈન કરીને નાગરિકના સમયની બચત થઈ છે અને પારદર્શિતા આવી છે. ઈલેક્ટ્રિસિટી ડ્યુટી માટે માફી આપવા પણ ઓનલાઈન પદ્ધતિ અમલી કરી છે જે ૨૪કલાકમાં પ્રક્રિયા પૂર્ણ થશે.

શ્રી પટેલે કહ્યું કે, રાજ્યમાં સ્વરોજગારીનું પ્રમાણ વધે તે માટે રાજ્ય સરકારે શોપ એકટના કાયદામાં ઐતિહાસિક સુધારો કરવાનો નિર્ણય કર્યો છે અને આવશ્યક ચીજવસ્તુ માટેની નાની મોટી દુકાનો ૨૪કલાક ખુલ્લી રહેશે એ માટેનું વિધેયક આ સત્રમાં જ લાવ્યા છીએ. એ જ દર્શાવે છે કે, નાના વેપારી માટે સરકાર કેટલી ચિંતિત છે. મીનીમમ ગવર્મેન્ટ મેક્સિમમ ગવર્નન્સના માધ્યમથી અમારી સરકાર કાર્યરત છે. ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને ભરતીઓ સંપૂર્ણ પારદર્શિ બનાવી છે. ભરતી પ્રક્રિયામાં પણ પેપર ફૂટયું તો, તાત્કાલિક પરીક્ષા રદ કરીને નવેસરથી પ્રક્રિયા હાથ ધરીને હોશિયાર વિદ્યાર્થીઓને નુકસાન અને અન્યાય ન થાય તે માટે પ્રતિબદ્ધતા દર્શાવી છે.

શ્રી સૌરભભાઈ એ કહ્યું કે છેલ્લા દસ વર્ષમાં ન થયો હોય એટલો ઓછો વરસાદ આ વર્ષે થયો છે. તે સમયે અછતગ્રસ્ત વિસ્તારોને મદદરૂપ થવા તથા મૂંગા અબોલ પશુઓને સહાયરૂપ થવા ૭ કરોડ કિલોથી વધુ ઘાસ વિતરણ કર્યું છે. ૯૬ તાલુકાના ૧૬ લાખ ખેડૂતોને રૂપિયા ૧૫૫૭ કરોડનીઈનપૂટ સહાય પણ સત્વરે ચૂકવી દેવાય છે. સાથે-સાથે મગફળી કઠોર તથા અન્ય પાકોની પણ ટેકાના ભાવે ખરીદી કરીને ૩ લાખ ખેડૂતોને ખરીદીના નાણા સીધે સીધા તેમના ખાતામાં આરટીજીએસ દ્વારા જમા કરાવી દેવાયા છે.

રાજ્ય સરકારની કૃષિલક્ષી યોજનાઓ અને ખેડૂતોના હિતલક્ષી નિર્ણયોનાપરિણામે એગ્રીકલ્ચર ગ્રોથઅન્ય રાજ્યો કરતાં મોખરે છે. શ્રી પટેલે નેનોને અપાયેલ સબસિડી અંગે વિપક્ષ દ્વારા કરાતા આક્ષેપોને વખોડતા કહ્યું કે નેનોને૩૩ હજાર કરોડ નહીં પણ ૧૦૦૦ થી ૧૫૦૦ કરોડની સહાય ગુજરાતે આપી છે. રોજગારી આપવામાં ખાનગી કંપનીઓનો પણ સિંહફાળો છે ત્યારે, રાજ્ય સરકારની ઉદ્યોગોને પ્રોત્સાહિત કરતી નવી નીતિઓ અને પ્રોત્સાહનને કારણે સ્થાનિક કક્ષાએ નાના ઉદ્યોગો સ્થાપાતા ગુજરાત ઓટો હબ બન્યું છે. વિઠ્ઠલાપુર ખાતે હોન્ડા કંપની દ્વારા કરાયેલા એક હજાર કરોડના રોકાણના કારણે અન્ય ઓટોમોબાઈલ કંપની પણ આવી રહી છે. રાજ્ય સરકારની પોર્ટ પોલિસીના કારણે ૩૫ ટકા કાર્ગોનો હિસ્સો ભારતનો છે.

તેમણે કહ્યું કે ટેક્સ્ટાઈલ ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા માટે રાજ્ય સરકારે ટેક્સ્ટાઈલ પોલીસી બનાવી છે અને પ્રોત્સાહનો આપ્યા છે એના પરિણામે ૨૫,૦૦૦ સ્પિંડલ સ્થાપવાનો નિર્ધાર કર્યો હતો.એની સામે રાજ્યમાં ૪૦,૦૦૦ સ્પિંડલ કાર્યરત થયા છે.આઈટીઆઈમાં પણ નવા અભ્યાસક્રમ અમલી કર્યા છે. અને એપ્રેન્ટીસને તાલીમ આપી છે. ૭૨હજાર યુવાઓને તાલીમબદ્ધ કર્યા છે.

મંત્રીશ્રીએ ગૃહમાં કહ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વર્ષ-૨૦૦૩થી શરૂ થયેલી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટે આજે ગુજરાતને વૈશ્વિક સ્તરે રોકાણના રાજ્ય તરીકેની આગવી ઓળખ અપાવી છે. તાજેતરમાં યોજાયેલી નવમી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની સફળતા એ ગુજરાતને ભારતના દાઓસ તરીકેની નવી ઓળખ અપાવી છે.

ખેડૂત હિત માટે કાર્યરત વર્તમાન સરકારે ૧ લાખ ૧૬ હજારથી વધુ નવા વીજ જોડાણો આપ્યા છે. આ ઉપરાંત આવતા માર્ચ સુધીમાં માગો ત્યારે વીજ જોડાણ આપવાના લક્ષ્ય સાથે અમારી સરકાર કાર્ય કરી રહી છે. છેલ્લા બે વર્ષમાં રૂપિયા ૧૮૦૦ કરોડની સબસીડી ખેડૂતોને આપવામાં આવી છે. સૂર્ય શક્તિ કિસાન યોજના(સ્કાય) હેઠળ ઉત્પન્ન થતી દૈનિક વીજળીનું ઓનલાઈન નિરીક્ષણ પણ કરવામાં આવે છે. પાંચ ટકાના રોકાણમાં લાખોની મૂડી બચાવી શકાયછે. તાજેતરમાં ગરીબી રેખા નીચે આવતા ૬.૫૦ લાખ કુટુંબોના વીજ બિલ માફ કરવામાં આવ્યા છે. જુના બંધ વીજ જોડાણો માત્ર રૂપિયા ૫૦૦ભરીને પુનઃ ચાલુ કરી શકાશે તેમ પણ મંત્રીશ્રીએ વિપક્ષના આક્ષેપોનો જવાબ આપતા ઉમેર્યું હતું.

ગુજરાત મોડલ અન્ય રાજ્યો માટે પ્રેરણારૂપ છે. કેન્દ્રની ઉજ્જવલા યોજના હેઠળ ગુજરાતમાં ૧૫ લાખથી વધુ વિનામૂલ્યે ગેસ જોડાણ આપવામાં આવ્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી સરકારને યુ.એસ.એ, ફ્રાન્સ, રશિયા, જાપાન જેવા વિશ્વના અગ્રણી દેશો સ્વીકારતા થયા છે. સોલાર વીજ ઉત્પાદનના હેતુથી સ્થપાયેલ ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સને વિશ્વના લોખંડના ૧૦૦થીવધુદેશોએ સમર્થન આપ્યું છે જે આપણા સૌ માટે ગૌરવ સમાન છે તેમ, મંત્રીશ્રીએ ગૃહમાં જણાવ્યું હતું. દેશના સવર્ણોનાવિકાસ માટે પ્રથમવાર ૧૦ટકા આર્થિક અનામત આપવા બદલ વડાપ્રધાનશ્રીને અભિનંદન પાઠવતા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વવાળી સરકારે ગુજરાતમાં સમગ્ર દેશમાં પ્રથમવાર સવર્ણોને ૧૦ ટકા અનામત આપવાની પહેલ કરી તે આપણા સૌ માટે ગૌરવસમાન અને અભિનંદનને પાત્ર છે.

ઈરાન હુમલાનો માસ્ટરમાઈન્ડ પાકિસ્તાની ભારતને આતંકવાદ વિરૂદ્ધ યુદ્ધમાં અમારી મદદ અસીમિત રહેશે : ઈઝરાયલ સરકાર

ન્યુ દિલ્હી

ઈરાનના ઈસ્ફહાન શહેરમાં ગત ૧૩ ફેબ્રુઆરીના રોજ થયેલા ફિદાયીન હુમલામાં ઈરાનના ૨૭ રિવોલ્યૂશનરી સૈનિકોના મોત થયા હતા. પ્રાથમિક માહિતી અનુસાર, આ હુમલા પાછળ પાકિસ્તાની આતંકવાદી સંગઠન જૈશ-અલ-અદલનો હાથ છે. આ અગાઉ ઈરાન રિવોલ્યૂનરી ગાર્ડ્સના મેજર કમાન્ડર મોહમ્મદ અલી જાફરીએ જેહાદી સંગઠન જૈશ-અલ-અદલની તરફ ઈશારો કરતાં કહ્યું કે, પાકિસ્તાન સરકાર સારી રીતે જાણે છે કે, જેહાદી અને ઈસ્લામ માટે જોખમ બનતા લોકો ક્યાં છે અને તેઓને પાકિસ્તાનની આર્મીનું સમર્થન મળેલું છે. બીજી તરફ, ઈઝરાયલ સરકારે કહ્યું કે, ભારતને આતંકવાદ વિરૂદ્ધ લડાઈમાં અમે બિનશરતી તમામ મદદ કરવા માટે તૈયાર છીએ.

ઈરાનના મેજર કમાન્ડર જાફરીએ ચેતવણી આપતા કહ્યું કે, જો પાકિસ્તાન સરકાર આ આતંકીઓ વિરૂદ્ધ કડક કાર્યવાહી નહીં કરે તો અમે આ જેહાદી ગ્રૂપને જડબાતોડ જવાબ આપીશું અને પાકિસ્તાને તેઓનું સમર્થન કરવાનું પરિણામ ભોગવવું પડશે.

ઉલ્લેખનીય છે કે, ગત ૧૪ ફેબ્રુઆરીના રોજ જમ્મુ-કાશ્મીરના પુલવામામાં સીઆરપીએફ કોનવોય પર આતંકવાદી હુમલો થયો હતો. આ ફિદાયીન હુમલામાં કેન્દ્રિય રિઝર્વ પોલીસના ૪૨ જવાન શહીદ થયા હતા. આ હુમલા બાદ અમેરિકા સહિત તમામ દેશોએ પાકિસ્તાનની ટીકા પણ કરી હતી. હુમલાની જવાબદારી આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદે લીધી હતી. આ હુમલા બાદ ભારતે પાકિસ્તાનને પ્રાયોરિટી કન્ટ્રી ઈન ટ્રેડના દરજ્જાને છીનવી લીધો હતો અને સાથે જ પાકિસ્તાનથી આવતા સામાન પર કસ્ટમ ડ્યૂટીમાં ૨૦૦ ટકાનો વધારો કર્યો હતો.

સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડિયાને વિશ્વ કક્ષાનું ટુરિઝમ સેન્ટર તરીકે વિકસાવાશે : નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, વિશ્વની સૌથી ઉંચી સરદાર સાહેબની પ્રતિમાનું કેવડીયા ખાતે નિર્માણ કરાયું છે અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રાર્પણ કર્યું છે. પ્રવાસીઓના ધસારાને ધ્યાને લઈને સ્ટેચ્યુ ઓફ યુનિટીને ટુરીઝમ સેન્ટર તરીકે વિકસાવાશે.

આજે વિધાનસભા ખાતે કેવડીયા કોલોની ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત અંગેના પ્રશ્નના પ્રત્યુત્તારમાં નાયબ મુખ્યમંત્રી શ્રી પટેલે ઉમેર્યું કે, સમગ્ર દેશને ગૌરવ થાય એવી લોખંડી પુરુષ સરદાર સાહેબને આગવી ઓળખ વૈશ્વિક સ્તરે પ્રસ્થાપિત કરીને વડાપ્રધાનશ્રીએ ગુજરાતને ગૌરવ અપાવ્યું છે ત્યારે, આ સ્થળે આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય પ્રવાસીઓને આકર્ષવા તથા સરદાર સાહેબના જીવનકવનથી લોકો માહિતગાર થાય તે માટે આંતરરાષ્ટ્રીય કક્ષાની પ્રવાસન સુવિધાઓ સમયાનુસાર વિકસાવાશે.

શ્રી પટેલે કહ્યુ કે, સ્ટેચ્યુ ઓફ યુનિટીના બેઝમેન્ટમાં વૈશ્વિક સ્તરનું ઓડિયો વિઝ્યુઅલ પ્રદર્શનનું નિર્માણ કરાયું છે. જેમાં આઝાદીની લડત સમયના સરદાર સાહેબના સંસ્મરણોને આવરી લેવાયા છે. સાથે સાથે પ્રતિમા પર વ્યૂઈંગ ગેલેરી પણ બનાવાય છે. જેના પરથી નર્મદા મૈયાના દર્શન થાય છે. સરદાર સાહેબના જીવન-કવનને આધારિત લાઈટ એન્ડ સાઉન્ડ શો કે જે પ્રતિમા ઉપર પ્રદર્શિત કરવામાં આવેલ છે તે ભારે આકર્ષણનું કેન્દ્ર બની ગયો છે. ઉપરાંત આંતરરાષ્ટ્રીય પ્રવાસન સ્થળોએ જેમ સોવેનિયર શોપ હોય છે એ જ રીતે અહીં પણ સરદાર સાહેબની ચીજવસ્તુઓનાવેચાણ માટે પણ સોવેનિયર શોપ બનાવાઈ છે. જેમાં દરરોજ ૪૦ થી ૫૦ હજાર ચીજવસ્તુઓનું વેચાણ થાય છે.

એ જ રીતે નર્મદા નદીના પટ પર બેસીને મનમોહક દ્રશ્યો જોવા મળે તે માટે ફ્લાવર ઓફ વેલીનું પણ નિર્માણ કરાયું છે. જેમાં રંગબેરંગી ફૂલો આકર્ષણનું કેન્દ્ર બની ગયા છે. સાથે સાથે એકતા નર્સરી,સરદાર વન અને બટરફ્લાય પાર્ક પણ વિકસાવવામાં આવ્યા છે. સહેલાણીઓને આ સ્થળો જોવા માટે તેમજ રહેવાની સાથે કુદરતી નજારો મળી રહે તે આશયથી અદભૂત ટેન્ટ સિટીનું પણ નિર્માણ કરાયું છે. ઉપરાંત સરદાર સરોવર ડેમ રીવરબેડ પાવર હાઉસ જોવાની પણ સહેલાણીઓ માટે સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

રેશમવાલા માર્કેટના વેપારીનું લાખ્ખો રૂપિયામાં ઉઠમણું

સુરત

રૂ. ૧૪.૦૮ લાખની કિંમતની સાડી ખરીદી છ વેપારી સાથે ઠગાઈ કરનાર બે વેપારીએ ઉઠમણું હતું. આ અંગે સલાબતપુરા પોલીસ મથકે ફરિયાદી દ્વારા છેતરપિંડીની ફરિયાદ નોંધાવવા પામી છે. પાલ વેસ્ટર્ન ઓમ ચિંતામણી રેસીડેન્સીમાં રહેતા સાડી વેપારી ડુંગરમલ વંશરાજ જૈન તથા અન્ય પાંચ વેપારીઓ પાસેથી આરોપી જીતેન્દ્રસિંગ ઉર્ફે જોઈતારામ પીશારામ રાજપુરોહિત (રેશમવાળા માર્કેટ રીંગરોડ) ગોપાલસિંહ પુરોહિત રૂપિયા ૧૪,૦૮,૮૪૩ની કિંમતની સાડીનો જથ્થો ખરીદી કર્યા બાદ સમયમર્યાદામાં પેમેન્ટ કરવાને બદલે દુકાન બંધ કરી નાસી ગયા હતા. સલાબતપુરા પોલીસે વિશ્વાસઘાત છેતરપિંડીની ફરિયાદ દર્જ કરી હતી.

પેપર લીકનો આરોપી યુપીનાં પ્રભારી બનવામાં પ્રિયંકા ગાંધીની મદદ કરશે

લખનઉ

૨૦૧૯ની લોકસભાની ચૂંટણી માટે પૂર્વ ઉત્તર પ્રદેશના પ્રભારી બનાવવામાં આવેલા કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીની મદદ માટે કોંગ્રેસે ત્રણ લોકોને સચિવ તરીકે નિમ્યા છે. આ ત્રણેય નામ્મોમાં ઝુબૈર ખાન, કુમાર આશીષ અને બાજીરાવ ખાડેનો સમાવેશ થાય છે. કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ત્રણેયની એઆઈસીસીના સચિવ તરીકે નિમ્યા છે. પરંતુ આ સચિવમાં એક બિહારના પરીક્ષા પેપર લીકનો આરોપી પણ છે.

રાહુલ ગાંધીએ નિમેલા કુમાર આશીષ બિહારના છે. ૨૦૦૫માં કુમાર આશીષ ઈન્ટરમીડિએટ પરક્ષાનું પેપર લીક કરવાના મામલે સહ આરોપી રહી ચુક્યા છે.

બિહાર યૂથ કોંગ્રેસના ઉપાધ્યક્ષ રહી ચુકેલા કુમાર આશીષને ૨૦૦૫માં ઈન્ટરમીડિએટ પરીક્ષાના પેપર લીક કરવાના મામલે સહઆરોપી બનાવવામાં આવ્યો હતો. જેના કારણે કોંગ્રેસે તેને પાર્ટીમાંથી હાંકી કાઢ્યો હતો. અગાઉ ગત બિહાર વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ કુમારને બાંકીપુર બેઠક પરથી મેદાનમાં પણ ઉતાર્યો હત્તો પણ ભાજપના ઉમેદવાર સામે તેનો કારમો પરાજય થયો હતો.

હવે લોકસભામાં સૌથી મહત્વના રાજ્ય એવા ઉત્તર પ્રદેશમાં ૪૦ બેઠકોની જવાબદારી પ્રિયંકા ગાંધીને સોંપવામાં આવી છે. તેમને ઉત્તર પ્રદેશના પ્રભારી તરીકે નિમવામાં આવ્યા છે. આ વિસ્તારમાંથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ જેવા દિગ્ગજોના મતવિસ્તાર પણ છે. માટે પ્રિયંકા સામે સૌથી મોટી પરીક્ષા છે. પ્રિયંકાની આ પરીક્ષામાં બિહાર પરીક્ષા પેપર લીક કૌભાંડનો આરોપી જ મદદરૂપ થશે.

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત ડાંગના તમામ ખેડૂતોને ઓનલાઈન એન્ટ્રી પૂર્ણ કરવા અનુરોધ

બે હેકટરથી ઓછી જમીન ધરાવતા ખેડૂતોએ ગામના તલાટીઓનો સંપર્ક કરી આ યોજનાનો લાભ લેવો.

આહવા

રાજયના મુખ્ય સચિવશ્રી ડી.જે.એન.સિંહ ના અધ્યક્ષ સ્થાને તા.૨૦-૦૨-૧૯ ના સાંજે ૪-૦૦ કલાકે યોજાયેલ વિડિયો કોન્ફરન્સમાં તમામ જિલ્લા કલેકટરો સાથે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત જિલ્લાઓમાં થઇ રહેલી કામગીરીની એ સમીક્ષા કરી હતી. શ્રેષ્ઠ કામગીરી કરતા જિલ્લાઓ પૈકી માન.સચિવશ્રી એ ટીમડાંગને પણ અભિનંદન આપ્યા હતા. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ વધુમાં જિલ્લામાં વધુને વધુ ખેડૂતો ને લાભ મળી રહે તે માટે જિલ્લા કલેકટરોને સૂચન કર્યું હતું.

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત ડાંગ જિલ્લાના બે હેકટર થી ઓછી જમીન ધરાવતા તમામ ખેડૂત ભાઈઓ-બહેનોને ઓનલાઈન એન્ટ્રી બે દિવસમાં પૂર્ણ કરવા માટે ગામના તલાટીશ્રીઓનો ઝડપથી સંપર્ક કરવા જિલ્લા કલેકટરશ્રી એન.કે.ડામોરે અનુરોધ કર્યો હતો.

વધુમાં શ્રી ડામોરે જિલ્લા ખેતીવાડી અધિકારી, બાગાયત અધિકારી,જિલ્લા રજીસ્ટ્રાર સહિત સબંધિત અધિકારીઓને તાકીદ કરી હતી કે નાનામાં નાના તમામ ખેડૂતોને આ યોજનાનો લાભ મળી રહે તેવા પ્રયાસો કરવા અને છેવાડાનો કોઈપણ લાભાર્થી સરકારશ્રીની આ યોજનાથી વંચિત ન રહી જાય તેની ખાસ તકેદારી રાખવા જણાવ્યું હતું.

નિવાસી અધિક કલેકટરશ્રી ટી.કે.ડામોરે વિગતો આપતા જણાવ્યું હતું કે ડાંગ જિલ્લામાં કુલ ૨૫૦૨૩ ખેડૂતો પીએમ કિસાન યોજના હેઠળ લાભ મેળવવાને પાત્ર થાય છે જે પૈકી ૨૦૨૧૧ ખેડૂતોની ડેટા એન્ટ્રી પૂર્ણ થઇ ગઇ છે. અને કિસાન પોર્ટલ ઉપર માહિતી અપલોડ કરી દેવામાં આવી છે. બાકી રહેતા ખેડૂતો એ જે તે ગામમાં તલાટીઓને મળી બેન્ક એકાઉન્ટ તેમજ આધારકાર્ડ જેવા પુરાવાઓ લઈ ગ્રામ પંચાયતમાં ચાલતા વીસીએ સેન્ટર પર જઈ ડેટા એન્ટ્રી કરાવી લેવી.આ કામગીરી માટે સબંધિત અધિકારીઓને સૂચના આપી દેવામાં આવી છે. એફ.આર.સી. હેઠળ મળેલ ૨ હેકટરથી ઓછી જમીન વાળા ખેડૂતો પણ આ યોજનાનો લાભ લઈ શકશે. આહવા તાલુકામાં ૩૪,વઘઈ-૨૯ અને સુબીર - ૨૨ સ્થળોએ ડેટા એન્ટ્રી ઓપરેટરો ઓનલાઈન એન્ટ્રીની કામગીરી કરી રહયા છે. જે લોકો સ્થળાંતર કરી બહાર ગયેલ હોય તેવા લોકોને પણ સરકારશ્રીની યોજનાનો લાભ સત્વરે મળી રહે તેવા સુચારૂ પ્રયાસ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી રહયા છે.

આજરોજ યોજાયેલ વિડિયો કોન્ફરન્સ બાદ મળેલી બેઠકમાં પ્રાંત અધિકારીશ્રી એસ.બી.ચૌધરી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી જે.ડી.પટેલ,આયોજન સહ તાલુકા વિકાસ અધિકારી શ્રી વિનોદ ભોયે,આહવા,વઘઈ અને સુબીર મામલતદારશ્રીઓ ઉપસ્થિત રહયા હતા.

કિડનીની બીમારીથી પીડાતા દર્દીઓ માટે રાજ્ય સરકારનો સંવેદનશીલ અભિગમ

રાજ્યમાં વધુ છ અદ્યતન ડાયાલીસીસ સેન્ટર મંજૂર કરાયા : રાજ્યભરમાં હાલ ૩૮ ડાયાલીસીસ સેન્ટર કાર્યરત

રાજયમાં કિડનીની બીમારીથી પીડાતા દર્દીઓ માટે સરકાર દ્વારા વિશેષ સંવેદનશીલતા દાખવવામાં આવી છે. કિડનીના રોગથી પીડાતા દર્દીઓ તથા તેના પરિવારજનોએ ડાયાલિસીસ માટે દૂર દૂર સુધી જવું પડતું હતું. આ પ્રકારના રોગથી પીડાઇ રહેલા દર્દીઓએ નિયમિત ડાયાલિસિસ કરાવવું પડતું હોવાથી તેમને સરળતા રહે તથા પોતાના રહેણાંક વિસ્તારથી નજીકનાં સ્થળે જ આ સવલત મળી રહે તે હેતુસર રાજયમાં વધુ પ્રમાણમાં અદ્યતન ડાયાલીસીસ સેન્ટર ઉભા કરવામાં સરકારે કટિબદ્ધતા દાખવી છે.

રાજયમાં ૩૧ ડિસેમ્બર ૨૦૧૮ ની સ્થિતિએ કુલ ૩૮ ડાયાલીસીસ સેન્ટર કાર્યરત છે. છેલ્લા બે વર્ષમાં અલગ-અલગ વધુ છ સ્થળોએ અદ્યતન ડાયાલિસિસ સેન્ટર રાજય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે તેમ રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે વિધાનસભા ગૃહમાં રાજકોટ દક્ષિણનાં ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પટેલે પૂછેલા લેખિત પ્રશ્નના પ્રત્યુત્તરમાં જણાવ્યું હતું.

તા.૨૩ અને ૨૪મીએ તા.૧/૧/૧૯ની લાયકાતની તારીખ મુજબ મતદારયાદીમાં નામ નોંધણી કરાશે

વલસાડ

ભારતના ચૂંટણી પંચ તરફથી મળેલી સૂચના અનુસાર તા.૧/૧/૨૦૧૯ની લાયકાતના તારીખના રોજ જે નાગરિક ૧૮ વર્ષ પૂર્ણ કરતા હોય તેવા મતદારોની નોંધણી ૨૩ અને ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૯ દરમિયાન મતદારયાદીમાં નામ નોંધાવવા, નામ રદ કરાવવા, કોઇ નામની સામે વાંધો લેવા, નામ-સરનામામાં સુધારો, ઓળખકાર્ડમાં ખોટો ફોટો અથવા તાજેતરનો ફોટો જેવી વિગતો સુધારવા માટે સંબંધિત ફોર્મમાં અરજી કરી સંબંધિત વિસ્તારના મતદાર નોંધણી અધિકારી, મદદનીશ મતદાર નોંધણી અધિકારી અને મામલતદાર અથવા બુથ લેવલ ઓફિસરોને ઠરાવેલા નમૂનામાં આધાર પુરાવા સાથે અરજી કરી હક્કદાવાઓ રજૂ કરી શકાશે.

વધુમાં ખાસ ઝુંબેશ તરીકે તા.૨૩/૨/૧૯, તા.૨૪/૨/૧૯ ના દિવસે સવારે ૧૦-૦૦ થી સાંજના ૫-૦૦ કલાક દરમિયાન બુથ લેવલ ઓફિસર તમામ મતદાન મથકો ઉપર હાજર રહી હક્કદાવાઓ સ્વીકારશે. આ ઉપરાંત મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઇટ ૠૠ.ણૂફૂ.ચિર્ંર્શ્ર્શીદ.ર્ફિ.ફૅ ઉપર ઓનલાઈન અરજી પણ કરી શકાશે.

ગુજરાત રાજ્યની કોઇ પણ જગ્યાએથી ફૂષ્ટણ્ણૂ.ૠર્ષ્ટીણૂફૂ આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી મોબાઈલ નંબર ૮૫૧૧૯૯૫૯૯૯ ઉપર એસ.એમ.એસ. મોકલવાથી પણ આપના નામની વિગત જાણી શકાશે. વધુ વિગત માટે ૧૯૫૦ નંબર ડાયલ કરી વિગત જાણી લેવા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર વલસાડ દ્વારા અનુરોધ કરાયો છે.

ચોટીલા ખાતમથુરા પાઈપલાઈનમાંથી ઓઈલ ચોરીનું કૌભાંડ પકડી પાડનાર

સુરેન્દ્રનગર જિલ્લાના પોલીસ અધિકારીઓ તથા સ્ટાફ સહિતના ૧૬ પોલીસ કર્મીઓનું સન્માન



સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા ખાતેથી પસાર થતી સલાયા મથુરા પાઇપ લાઇન કે જે દેવસર ગામ ખાતેથી પસાર થાય છે, ત્યાં સુરેન્દ્રનગર જીલ્લા પોલીસ વડા દ્વારા આપવામાં આવેલ સૂચના આધારે લીંબડી ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાને પોતાની કચેરીના હે.કો. સહદેવસિંહ ઝાલા મારફતે મળેલ બાતમી આધારે તા. ૨૨.૦૭.૨૦૧૮ ના રોજ ચોટીલા પોલીસ દ્વારા રેઇડ કરી, સ્થળ ઉપરથી ટેન્કર નંબર GJ 21 T ૬૧૬૧ કિંમત રૂ. ૫,૦૦,૦૦૦/- તથા ચોરી કરવામાં આવેલ ૯૦૦૦ લિટર ઓઇલ કિંમત રૂ. ૨,૭૦,૦૦૦/- તેમજ ચોરી કરવા માટે ઉપયોગમાં લેવામાં આવેલ સાધનો સહિત કુલ કીમત રૂ. ૭,૭૦,૦૦૦/-નો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ. જે બાબતે આઈઓસીના અધિકારીની ફરિયાદ આધારે ઓઇલ ચોરી અંગે ચોટીલા પોલીસ સ્ટેશન ખાતે ગુન્હો નોંધવામાં આવેલ છે. આ ગુન્હામાં ચોટીલા તાલુકાના દેવસર સૂરજ દેવળ ગામે જમીન ધરાવતા જમીન માલિક આરોપી અમિતભાઇ જ્યોતિષચંદ્ર દવે ઉવ. ૨૭ રહે. શાસ્ત્રીનગર, ચોટીલા જી. સુરેન્દ્રનગર તથા આરોપીઓ (૧) અશોકભાઈ જગુભાઈ ખાચર જાતે કાઠી દરબાર ઉવ. ૩૨ રહે. ભાડલા તા.જસદણ જી. રાજકોટ, (૨) મહમદ અબ્બાસ સીદિકહુસેન લાખાણી જાતે ખોજા ઉવ. રહે. જવાહર રોડ, મસ્જિદ ચોક, રાજુલા જી. અમરેલી તથા (૩) રવિ ગભરૂભાઇ ધાંધલ જાતે કાઠી દરબાર ઉવ. ૨૦ રહે. ચામુંડાનગર, ચોટીલા જી. સુરેન્દ્રનગરને પકડી પાડી, ધરપકડ કરવામાં આવેલ હતી. આ ગુન્હામાં ચોટીલા ગામનો જયરાજ ભરતભાઇ કાઠી દરબાર પણ સંડોવાયેલો હોવાની કબૂલાત કરેલ હતી. આ ગુન્હો કરવામાં આર્થિક તમામ મદદ સમીર ખોજા તથા નદીમ ખોજા દ્વારા પુરી પાડવામાં આવેલ હતી અને જયરાજ કાઠી દ્વારા લોકલ વ્યવસ્થા કરવામાં આવેલ હોવાની પણ કબૂલાત કરવામાં આવેલ હતી. ચોટીલા પોલીસ દ્વારા આ ગુન્હામાં આરોપીઓ (૧) નદિમભાઇ સ/ઓ અબ્બાસભાઇ ભુરાણી જાતે મુ.માન ઉ.વ.૨૪ રહે. તળાજા ગુલ્લુભાઇ ભુરાણીની વાડી, ગોપાનાથ રોડ તળાજા, (૨) સમીરઝેન ઉર્ફે બાબા સ/ઓ ઇમરાનભાઇ શેરીફ જાતે મુ.માન ઉ.વ.૨૨ રહે. ભાવનગર, રજા પાર્ક, ફલેટ નં.૧૦૧, એકસલ ગેસ્ટ હાઉસની બાજુમાં, શિશુવિહાર વિસ્તાર, ભાવનગર તથા (૩) મહમદસુજા ઉર્ફે બાપુ સ/ઓ અકીલહુસેન રીઝવી જાતે મુ.માન (સૈયદ) ઉ.વ.૨૦ રહે. તળાજા ગુલ્લુભાઇ ભુરાણીની વાડી, ગોપાનાથ રોડ, તળાજા, જી.ભાવનગર ચોટીલા ની પણ ધરપકડ કરવામાં આવેલ છે. આ પકડાયેલ આરોપીઓ પૈકી આરોપી નદિમભાઇ અબ્બાસભાઇ ભુરાણી આ ગુન્હાનો માસ્ટર માઇન્ડ આરોપી છે. ધરપકડ કરવામાં આવેલ ત્રણેય આરોપીઓની સઘન પૂછપરછ કરવામાં આવતા, પકડાયેલ માસ્ટર માઇન્ડ આરોપી નદીમ ભુરાણીએ ઓઈલની પાઇપ લાઈનમાં પંચર કરવાના એક્ષપર્ટ ઘનશ્યામ સોની અને મુકેશ ઠાકોરને પોતે જ બોલાવેલાની કબૂલાત કરેલ છે તેમજ સ્થાનિક ચોટીલા ખાતેની વ્યવસ્થા વોન્ટેડ આરોપી જયરાજ કાઠી દ્વારા કરવામાં આવેલાની પણ કબૂલાત કરવામાં આવેલ હતી. જેના આધારે ચોટીલા પોલીસ દ્વારા તમામ ૦૮ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ. જે પૈકી પાઇપલાઇનમાં પંચર કરવા માટે એક્સપર્ટ એવો ઘનશ્યામ સોની વોન્ટેડ છે....

આજરોજ ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન દ્વારા પશ્ચિમી ક્ષેત્ર પાઉપલાઇન્સ IOC ના વડા ડી.કે.બેનરજી દ્વારા રાજકોટ રેન્જના વડા ડીઆઈજી સંદીપસિંહ સાહેબના અધ્યક્ષ સ્થાને રાજકોટ ખાતે સલાયા મથુરા પાઈપલાઇન્સ તથા કંડલા ભટિન્ડા પાઈપલાઇન્સની સલામતી અને સુરક્ષા બાબતે એક મિટિંગનું આયોજન કરવામાં આવેલ. જે મિટિંગમાં રાજકોટ રેન્જના વડા ડીઆઈજી શ્રી સંદીપસિંહ, પશ્ચિમી ક્ષેત્ર પાઉપલાઇન્સ IOC ના વડા શ્રી ડી.કે.બેનરજી, જામનગર એસપી શ્રી શરદ સિંગલ, રાજકોટ એસપી બલરામ મિણા, મોરબી એસપી શ્રી કરણરાજ વાઘેલા, દેવભૂમિ દ્વારિકા એસપી શ્રી રોહન આનંદ, સુરેન્દ્રનગર ડીવાયએસપી એ.બી.વાણદ, IOC ના સિક્યુરિટી ઈન્ચાર્જ અકિલ પટેલ, IOCના અધિકારીઓ હાજર રહેલા હતા. આ મિટિંગમાં ચોટીલા ખાતે ઓઇલ ચોરીના ગુન્હાને ડિટેકટ કરી, કુલ આઠ ૦૮ આરોપીઓને પકડી પાડનાર સુરેન્દ્રનગર જિલ્લા પોલીસના તત્કાલીન લિંબડી ડીવાયએસપી અને હાલ રાજકોટ શહેર ઈસ્ટ ડિવિઝનના એસીપી પ્રદીપસિંહ જાડેજા, પીઆઇ પી.ડી. પરમાર, પીએસઆઇ જે.જે.ચૌહાણ, હે.કો. સહદેવસિંહ ઝાલા, એ.એસ.આઇ મહેશભાઈ બાર, પોલિસ જવાનો ફારૂકભાઈ, મનીષભાઈ, દેવાભાઈ, હરદેવસિંહ, દેવરાજભાઈ, રાયધનભાઈ, ભગુભાઈ, વિભાભાઈ, ઉદેસિંહ, દીપકકુમાર, રાજેશભાઈ, સહિતના ૧૬ અધિકારીઓનું રાજકોટ રેન્જના ડીઆઈજી સંદીપસિંહ, આઈઓસીના અધિકારીઓ તથા રાજકોટ, સુરેન્દ્રનગર, મોરબી, દેવભૂમિ દ્વારિકા, જામનગરના પોલીસ અધિક્ષકશ્રીઓની હાજરીમાં સન્માન કરવામાં આવેલ હતું.....

આ પ્રસંગે રાજકોટ રેન્જના વડા ડીઆઈજી શ્રી સંદીપસિંહ તથા પશ્ચિમી ક્ષેત્ર પાઉપલાઇન્સ IOC ના વડા શ્રી ડી.કે.બેનરજી દ્વારા IOC ના અધિકારીઓ તથા પોલીસ સ્ટાફ વચ્ચે સંકલન રાખી, ઓઇલ ચોરી કરતી ગેંગના આરોપીઓની વિરુદ્ધ આંકરા પગલાઓ લઈ, ઓઇલ ચોરીની પ્રવૃત્તિ સદંતર નાબૂદ કરવા કાર્યવાહી કરવા સૂચનો કરેલા અને સુરેન્દ્રનગર પોલીસ ટીમ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની પ્રસંશા કરી, સમગ્ર ટીમને અભિનંદન પણ આપેલ હતા.....

લો બોલો...રૂપાણી સરકારે બનાવેલી નર્મદાની નહેર ઉંદર અને નોળિયા તોડી નાખે છે.!!!

ગાંધીનગર

ગુજરાત વિધાનસભામાં નાયબ મુખ્ય પ્રધાને જાહેર કર્યું હતું કે ૩૧ ડિસેમ્બર ૨૦૧૮ સુધીના બે વર્ષમાં નર્મદા નહેર તૂટવાના ૧૯૪ બનાવો બન્યા છે. પાટણના ધારાસભ્ય કિરિટ પટેલે પૂછેલા પ્રશ્નનો તેઓ ૨૦ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ જવાબ આપી રહ્યા હતા. તેમણે પહેલી વખત કબૂલ કર્યું હતું કે નહેર નબળી બની હોય ત્યાં તૂટે છે.

ખેડૂતો નહેરોમાંથી પાણી ઉપાડતાં ન હોવાથી નહેર છલકાવા લાગે છે અને તૂટે છે. ભારે વરસાદ, નોળીયા કે ઉંજર દર બનાવતાં હોવાથી, જમીન પાછળથી મળી હોય ત્યાં નવું અને જુનું કામ જોડતી વખતે નબળું કામ થવાથી તૂટે છે. નહેરમાં પાણી રોકવા ખેડૂતો આડસ મૂકે છે. નહેરમાં છેડછાડ કરવાથી. સાયફનમાં મરેલા પ્રાણી ફસાઈ જવાથી કે સાયફનમાં ફેરફાર કરવાથી નહેર તૂટે છે. નહેરનું ઝમણ – લીક થવાથી, નહેરના દરવાજાના સંચાલનમાં ખામી સર્જાતા નહેર તૂટે છે.

પણ સરકાર એ ભૂલી ગઈ કે નહેર તો સીમેંટ કોંક્રીટથી બનેલી છે. તેથી આમાના અડધા કારણો તો એમને એમ નિકળી જાય છે. ખરેખર તો નહેર તૂટવાનું મુખ્ય કારણ નબળી નહેર છે અને તેમાં વપરાતાં સિમેન્ટમાં ભ્રષ્ટાચાર થયો છે. પણ સરકારે ક્યાંય એવું નથી કહ્યું કે ભ્રષ્ટાચાર થવાના કારણે નહેર નબળી બની છે.

સૌથી વધુ બનાસકાંઠામાં ૧૪૩ વાર કેનાલો તૂટી, ઉંદર, નોળિયાના દરો પણ જવાબદાર પરિબળ જણાવે છે. પણ ખરેખર તો ભ્રષ્ટાચારનો ઉંદર નહેર તોડી ગયો છે.એક તરફ, હજુ ઘણા વિસ્તારોમાં નર્મદા કેનાલોનું બાંધકામ બાકી છે તો,બીજી તરફ,જયાં નર્મદા કેનાલો છે ત્યાં સતત તૂટવાનો સિલસીલો રહ્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં ૨૦૧૮ સુધી નર્મદા કેનાલોમાં ૨૦૫ વાર ગાબડાં પડયાં છે.આ કારણોસર કેનાલોના બાંધકામની ગુણવત્તા સામે સવાલો સર્જાયા છે.

વિધાનસભામાં સરકારે રજૂ કરેલી વિગતો અનુસાર,બનાસકાંઠામાં સૌથી વધુ કેનાલો તૂટી છે. પાંચ વર્ષમાં માત્ર બનાસકાંઠામાં જ ૧૪૩ વાર કેનાલોમાં ગાબડાં પડયા હતાં જેના કારણે હજારો લિટર પાણી ય વેડફાયુ હતું . પાટણ જિલ્લામાં ય ૨૭ વાર કેનાલો તૂટતા સમારકામ કરવુ પડયુ હતું . અમદાવાદ જિલ્લામાં ૧૩ વખત અને સુરેન્દ્રનગર જિલ્લામાં ૪ વાર કેનાલો તૂટવાની ફરિયાદો મળી હતી.

જોકે, નર્મદા કેનાલો તૂટવા માટે સરકારે એવા કારણો આપ્યાં છેકે, ઉંદર-નોળિયાના દર લિકેજ થવાથીય કેનાલો તૂટે છે. આ ઉપરાંત નહેરોમાં પાણી ઉભરાતાં, સાયફનમાં કચરો અથવા મૃત પ્રાણી ફસાઈ જવાથીય કેનાલોમાં ભંગાણ થાય છે. સરકારે એવો ય દાવો કર્યો છેકે, નબળા બાંધકામને લીધે કેનાલોમાં ભંગાણ થતા કોન્ટ્રાકટરો પાસે જ સમારકામ કરવામા આવે છે. જોકે, કેનાલો તૂટતા બાંધકામની ગુણવત્તા કેવી છે તેવો અંદાજ આવી શકે તેમ છે.

ધરમપુરના હોમગાર્ડઝ દળ યુનિટમાં ભરતી કરાશે

વલસાડ

વલસાડ જિલ્લાના ધરમપુર ખાતેના હોમગાર્ડઝ દળ યુનિટમાં ભરતી માટે તા.૨૪ અને ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ જુની મામલતદાર કચેરી, ધરમપુર ખાતે સવારે ૭-૩૦ કલાકથી ભરતીની પ્રક્રિયા હાથ ધરાશે. જેમાં ભરતી થવા ઇચ્છતા ૧૮ થી ૪૦ વર્ષની વય ધરાવતા ઉમેદવારોને ઉક્ત સમય, સ્થળ અને તારીખે લીવિંગ સર્ટિ., શૈક્ષણિક લાયકાતના સર્ટિ, રહેઠાણનો પુરાવો, ચૂંટણીકાર્ડ, આધારકાર્ડ અસલમાં તથા તેની પ્રમાણિત નકલ સાથે તથા સ્પોર્ટસ-રબર બુટ પહેરીને સમયસર હાજર રહેવા વલસાડ જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ ડાહ્યા. મહેશ આચાર્ય દ્વારા જણાવાયું છે.

જોબવર્ક કામ કરનાર પર હુમલો

પુણા પોલીસ મથકની હદમાં આવતા ગીતાનગર સોસાયટીમાંર હેતા અને જોબવર્કનું કામ કરતા એક વ્યકિત પર છ જેટલા અજાણ્યા ઈસમોએ લોખંડના સળિયા જેવા સાધનો વડે હુમલો કરી શરીરે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હોવાનો બનાવ પુણા પોલીસ મથકે નોંધાયો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર પુણા-યોગીચોક શિવસંગિની રેસિડેન્સી ખાતે ઈશ્વરભાઈ છગનભાઈ ડાબલા રહે છે. ગતરોજ તેઓ ગીતાનગર સોસાયટી પાસેથી પસાર થતા હતા ત્યારે આરોપી શૈલેષ સરવૈયા સહિત છ ઈસમોએ નજીવી બાબતમાં ઝઘડો કરી લોખંડના સળિયા વડે હુમલો કરી ઈશ્વરભાઈ તથા તેના ભાઈ અલ્પેશના શીરરના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત જોબવર્ક કરનાર ઈસમે પુણા પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરવામાં આવતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

અમદાવાદની આબાદ ડેરીના ૧૨૦૦ કરોડોના જમીન કૌભાંડમાં ભીનું સંકેલાયું.?

એક સમયે અમદાવાદને દૂધ પૂરું પાડતી આબાદ ડેરીની મોંઘા ભાવની ૩૭,૩૮૮ ચો. મીટર જમીન ભાજપ સરકારે ચૂંટણી ફંડ માટે સાવ નવી સવી એવી કંપનીને પાણીના ભાવે આપીને પ્રજાની તિજોરીને રૂ. ૧૧૯૭.૭૭ કરોડનું નુકસાન પહોંચાડ્યું હતું તેવા આક્ષેપોને ૧૦ વર્ષ થઈ ગયા છે. ૨૦૦૯માં આબાદ ડેરીની જમીન આપવાની કામગીરી શરુ કરી હતી. તે અંગે તપાસ કરવા માટે માંગણી થઈ હતી પણ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન કે નરેન્દ્ર મોદીની સરકારે કોઈ તપાસ આજ સુધી થવા દીધી નથી. કંપનીના માલિક હરિશ શેઠને જમીન આપી દીધા બાદ ૧૦ વર્ષથી ભ્રષ્ટાચારનો ભોરીંગ પ્રજા માનસમાં સળવળી રહ્યો છે.

ગુજરાત પરિવર્તન પક્ષના મહામંત્રી ગોરધન ઝડફિયાએ નરેન્દ્ર મોદી પર આક્ષેપ કરીને કેસ ઉપરાંત કથિત ગેરરીતિના અન્ય ૭થી ૮ કેસને ગુજરાત હાઈકોર્ટમાં પડકારવાની પણ જાહેરાત કરી હતી. તેઓ ભાજપના નેતા બની ગયા બાદ અને ૨૦૧૯માં ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં જવાબદારી સોંપ્યા બાદ મોટા ભ્રષ્ટાચાર પર પડદો પડી ગયો છે. ભાજપના નેતા ગોરધન ઝડફિયા અને ધારાશાસ્ત્રી દિપક સાતાએ અગાઉ આર.ટી.આઈ. દ્વારા સરકારમાંથી દસ્તાવેજી પુરાવા એકઠા કર્યા હતા. ભાજપે આ જમીન કૌભાંડમાં મોટો ભ્રષ્ટાચાર કર્યો હોવાનું કહ્યું હતું. મુંબઈમાં ૨૦૦૮માં એસ. ઈ.ટ્રાન્સસ્ટેડિયા પ્રા. લિ. નામની એક કંપનીની સ્થાપના થઈ હતી. ૨૦૦૯માં આ કંપનીએ નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં વાઈબ્રન્ટ ગુજરાત સમીટમાં ર્ૈ કર્યા હતા. તુરંત આ સાવ નવી જ કંપનીને અમદાવાદમાં બંધ પડેલી કાંકરીયા તળાવની બાજુમાં આવેલી આબાદ ડેરીની જમીન ખાનગી ધોરણે સ્પોર્ટસ સ્ટેડિયમ અને રીક્રિએશન સંકુલ બનાવવા આપી દીધી હતી.

મહેસૂલ વિભાગની મૂલ્યાંકન સમિતિએ ૬ જુલાઈ ૨૦૧૦માં જમીનની કિંમત પ્રતિ ચો. ફૂટ રૂ.૩૮,૬૫૦ નક્કી કરી હતી. આ જમીન ,જમીનની કિંમતના ૧૫ ટકા લેખે વાર્ષિક ભાડું લઈને આપવા મહેસુલ વિભાગે ભલામણ કરી હતી. જેનું વાર્ષિક ભાડું રૂ.૨૬.૬૭ કરોડ થતું હતું. દર પાંચ વર્ષે ૧૫ ટકા ભાડા વધારા સાથે ૩૫ વર્ષના ભાડા પટ્ટે આપવા ભલામણ કરી હતી. તે મુજબ મોદી સરકારે કર્યું હોત તો તિજોરીમાં રૂ.૧૧૯૭.૭૭ કરોડ જમા થયા હોત. પરંતુ ભાજપ સરકારે આ ભલામણની ઉપરવટ જઈને વાર્ષિક માત્ર રૂ. ૧ એક ચોરસ ફૂટના રૂ.૪.૨૦ લાખના વાર્ષિક ભાવે આપી દેવામાં આવી હતી. જેના કારણે ગુજરાતની પ્રજાને રૂ.૧૧૯૫.૨૦ કરોડનું નુકશાન થયું હતું અને ભાજપને ફાયદો થયો હતો. ગોરધન ઝડફિયાએ ૧ જૂન ૨૦૧૩ એવી શંકા વ્યક્ત કરી હતી કે, ભાજપે ચૂંટણી ફંડ માટે અને કંપનીમાં ભાજપના કોઈ નેતાનું હિત હોવાને કારણે મહેસૂલ વિભાગની ભલામણોને નેવે મૂકીને સાવ સસ્તા ભાવે જમીન આપીને પ્રજાની સાથે દ્રોહ કર્યો છે. આ છે. આ કંપની કે કંપનીના માલિક હરિશ શેઠ પાસે સ્ટેડિયમ બનાવવાનો કોઈ અનુભવ નથી. વગર ટેન્ડરે માત્ર એમ.ઓ.યુ.ના આધારે સોનાની લગડી સમાન આ જમીન પાણીના ભાવે આપવામાં આવી હતી. આ કેસ અને અન્ય કેસોને હાઈકોર્ટમાં પડકારવામાં આવશે. પણ ગોરધન ઝડફિયા પોતે જીપીપીનું પાટીયું બંધ કરીને ભાજપમાં પક્ષાંતર કરી ગયા અને ૧૦ વર્ષથી ચાલતું આ પ્રકરણ બંધ કરી દીધું હતું

તંત્રી સ્થાનેથી...

પક્ષો ચૂંટણી તૈયારીમાં

લોકસભાની ચૂંટણી નજીક આવી પહોંચી છે ત્યારે તૈયારી તમામ પાર્ટી દ્વારા હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે દરેક પાર્ટી પોત પોતેની રીતે પાસા ફેંકી રહી છે. ભાજપ અને કોંગ્રેસ પાર્ટી આ મામલે સૌથી આગળ છે. એકબાજુ નરેન્દ્ર મોદીનુ નામ ભાજપ માટે સૌથી મોટા હથિયાર તરીકે છે. અમિત શાહ કહી ચુક્યા છે કે આજે દુનિયામાં મોદી જેવા બીજા કોઈ મોટા નેતા નથી. મોદીએ પોતે પણ આપને કેવા પ્રકારના સેવકની જરૂર છે તેવો પ્રશ્ન કરીને પોતાને નવેસરથી રજૂ કરવાની તક ઝડપી લીધી છે. મોદીએ રાહુલ ગાંધીના નામનો ઉલ્લેખ કર્યા વગર મતદારોની વચ્ચે પોતાની વાત મજબુતી સાથે રજૂ કરી દીધી છે. અગાઉની યુપીએ સરકાર દ્વારા તેમને હેરાન પરેશાન કરવાની વાત કરીને મોદીએ ઉલ્લેખ કર્યો છે કે કઈ રીતે અગાઉની સરકારના ગાળા દરમિયાન તેમને હેરાન કરવામાં આવ્યા હતા. અમિત શાહને તો જેલ ભેગા પણ કરી દેવામાં આવ્યા હતા. પોતાને પિડિત તરીકે રજૂ કરીને મોદીએ કુશળતા સાથે ભાવનાત્મક મુદ્દાને પણ ચૂંટણીમાં રજૂ કરી દીધા છે. મોદીનો ભાવનાત્મક મુદ્દો આ વખતે પણ મતદારોની સમક્ષ રહેનાર છે. પાંચ વર્ષ પહેલા ભાજપે આ જ જગ્યાએ ભાજપે રાષ્ટ્રીય કાર્યકારણીની બેઠક યોજી હતી. પાંચ વર્ષ બાદ હાલમાં દિલ્હીના ઐતિહાસિક રામ લીલા મેદાન ખાતે કાર્યકારણીની બેઠક યોજવામાં આવી હતી. મોદીએ આમાં વડાપ્રધાન તરીકે તેમના વિજનને રજૂ કરીને તમામને તૈયારીમાં લાગી જવા માટે કહ્યુ હતુ. આને સાંભળ્યા બાદ તેમને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે બનાવવાનો વિરોધ કરનાર પક્ષના સૌથી વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી પણ તેમની પ્રશસા કર્યા વગર રહી શક્યા ન હતા. અડવાણીએ કહ્યુ હતુ કે જાણે અમે સ્વામી વિવેંકાનંદને સાંભળી રહ્યા હતા. રામલીલા મેદાનમાં ભાજપ રાષ્ટ્રીય કારોબારને હમેંશા ઉપયોગી માને છે. પાર્ટીના લોકો કહે છે કે આટલી મોટી રાષ્ટ્રીય પરિષદનુ આયોજન પહેલા ક્યારેય કરવામાં આવ્યુ નહતુ. પાર્ટીએ અહીં હાલની હાર બાદ કાર્યકરોના ઉત્સાહને વધારી દેવાના તમામ પ્રયાસો કર્યા હતા. કાર્યકરોમાં આત્મવિશ્વાસ જગાવવા માટેની આ છેલ્લી તક હતી. ભાજપને લાગે છે કે ખેતી અને ખેડુતના મુદ્દાને વિપક્ષ મોટા મુદ્દા તરીકે રજૂ કરનાર છે. જેથી આ મુદ્દા પર અલગ રીતે એક ઠરાવ રાજનાથ સિંહ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે સ્વતંત્ર ભારત બાદ કોઈ પણ સરકારે એટલા પગલા ખેડુતો માટે લીધા નથી જેટલા પગલા આ સરકાર દ્વારા ખેડુતોને મજબુત કરવા માટે લેવામાં આવ્યા છે. મોદી કારોબારીમાં આકમક અંદાજમાં દેખાયા હતા. તમામ મુદ્દા પર વાત કરી હતી. ભાજપના રાષ્ટ્રીય અધિવેશનનાં બીજા દિવસે વડાપ્રધાન નરેનદ્ર મોદી હાલમાં તેમના અસલી અંદાજમાં દેખાયા હતા અને કોંગ્રેસ સહિત તમામ વિરોધ પક્ષોની જોરદાર ઝાટકણી કાઢી હતી. મોદીએ કહ્યું હતું કે વિરોધ પક્ષો મજબુર સરકાર માટે ઈચ્છુક છે. જ્યારે દેશ અને કોંગ્રેસ સહિત તમામ વિરોધ પક્ષોની જોરદાર ઝાટકણી કાઢી હતી. મોદીએ કહ્યું હતું કે વિરોધ પક્ષો મજબુર સરકાર માટે ઈચ્છુક છે.

ચૂંટણી તૈયારીમાં હજુ તો ભારતીય જનતા પાર્ટી દેશમાં સૌથી આગળ નજરે પડે છે

ભાજપની સંગઠનાત્મક તાકાત સામે કોંગ્રેસની સ્થિતી નબળી છે...

કોંગ્રેસને હજુ ખુબ મહેનતની જરૂર



ત્રણ હિન્દી પટ્ટા રાજ્યોમાં જીત અને પ્રિયંકા વાઢેરાની એન્ટ્રીથી પાર્ટીની માનસિક સ્થિતી મજબુત થઈ છે પરંતુ હજુ પગલા જરૂરી છે

ત્રણ રાજ્યોમાં ચૂંટણી સફળતાથી કોંગ્રેસ પાર્ટીના લોકોનો આત્મવિશ્વાસ ચોક્કસપણે વધ્યો છે. હવે પાર્ટી અધ્યક્ષ રાહુલ ગાંધીને પણ લાગવા લાગ્યુ છે કે વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં મુખ્ય પાર્ટી ભાજપને તેઓ પડકાર ફેંકી શકે છે. જો કે કોંગ્રેસ પાર્ટીને હજુ ખુબ મહેનતની જરૂર દેખાઈ રહી છે.કારણ કે વર્ષ ૨૦૧૪ બાદથી પાર્ટીની સ્થિતી ખુબ ખરાબ થઈ છે. ભાજુ અને અન્ય વિરોધ પક્ષોનો સામનો કરવા માટે કોંગ્રેસને સંગઠનાત્મક માળખાને ખુબ મજબુત કરવાની જરૂર છે. કોંગ્રેસના ટોપ નેતાઓ માને છે કે વર્ષ ૧૯૯૦ બાદથી કેટલાક રાજ્યોમાં કોંગ્રેસની હાલત કફોડી બની છે. કોંગ્રેસની સામે મુખ્ય પાર્ટી ભાજપ છે. જે મજબુત સંગઠન ધરાવે છે. તેની મુખ્ય તાકાત રાષ્ટ્રીય સ્વય સેવક છે. સિંઘની હાજરી ્કિલ ભારતીય છે. સંઘ-ભાજપન સંગઠન તાકાત સામે કોંગ્રેસ પાર્ટી કોઈ જગ્યાએ દેખાતી નથી. કોંગ્રેસને ભારતીય જનતા પાર્ટીની સામે એમ કહેવાનુ છે કે તે કેટલાક મુળ મામલામાં ભાજપ કરતા અલગ છે. તેની વિચારધારાને વારંવાર રજૂ કરવાની રહેશે. કોઈ પણ વૈચારિક ફેરફાર માટે સંગઠનમાં ફેરફાર કરવાની પણ જરૂર છે. બીજી બાજુ આજે રાજકીય ભુગોળ અલગ છે તે બાબત કોંગ્રેસ પાર્ટીને સમજી લેવાની જરૂર છે. વર્ષ ૧૯૯૦ બાદથી સ્થિતી ઝડપથી બદલાઈ છે. ક્ષેત્રીય પક્ષોની તાકાત ઝડપથી વધી રહી છે. કોંગ્રેસ નેતૃત્વને આને સમજી લેવાની જરૂર છે. આજે બંને પાર્ટી ક્ષેત્રીય પક્ષોની તાકાતને નજરઅંદાજ કરી શકે તેમ નથી. તમિળનાડુમાં અન્નાદ્રમુક અને ડીએમકે મુખ્ય પાર્ટી છે. ઓરિસ્સામાં બીજેડી, બંગાળમાં તૃણમુળ કોંગ્રેસ, આંધ્રપ્રદેશમાં તેલુગુ દેશમ પાર્ટી, બિહારમાં જેડીયુ અને આરજેડી તેમજ ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજવાદી પાર્ટી પોતાના શાનદાર દેખાવની આશા રાખે છે. કેન્દ્રમાં સત્તા કોની રહેશે તે બાબત ઉત્તરપ્રદેશ નક્કી કરનાર છે. અહીં લોકસભાની ૮૦ બેઠક છે. કોંગ્રેસ પાર્ટી આ રાજ્યમાં ખુબ નબળી સ્થિતી ધરાવે છે. અહીં કોંગ્રેસને સ્થિતી સુધારી દેવા માટે નવેસરથી કામ કરવાની જરૂર છે. જો કે હવે સમય ઓછો રહ્યો છે. કોંગ્રેસની નબળી સ્થિતીનો અંદાજ આ બાબતથી લગાવી શકાય છે કે યુપીમાં સપા અને બસપા દ્વારા જે ગઠબંધન કરવામાં આવ્યુ છે તેમાંથી કોંગ્રેસને બહાર રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. માયાવતીએ સાફ શબ્દોમાં કહ્યુ છે કે કોંગ્રેસ પાર્ટી એકબીજાના વોટ ટ્રાન્સફર કરી શકે તેવી સ્થિતીમાં નથી. કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીને ઉતરપ્રદેશમાં મજબુત દેખાવ કરવા માટે માહોલ સર્જવાની જરૂર છે. સંગઠનની સ્થિતી મજબુત કરવાની જરૂર દેખાઈ રહી છે. કોંગ્રેસે તમામ સીટો પર એકલા હાથે લડવાની જાહેરાત કરી છે પરંતુ તેને ખુબ તાકાત લગાવી દેવાની જરૂર છે. કોંગ્રેસ પાર્ટીના મહાસચિવ અને ઉત્તરપ્રદેશના પ્રભારી ગુલામ નબી આઝાદ કહી ચુક્યા છે કે કોંગ્રેસ પાર્ટી ઉત્તરપ્રદેશમાં તમામ ૮૦ સીટો ઉપર પૂર્ણ તાકાત સાથે ચૂંટણી લડશે. આના માટે પાર્ટીએ પોતાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. કોંગ્રેસ ઉત્તરપ્રદેશમાં ગઠબંધનનો હિસ્સો બનશે તેમ અગાઉ માનવામાં આવી રહ્યું હતું પરંતુ હવે સપા અને બસપા દ્વારા ગઠબંધનની જાહેરાત કરવામાં આવ્યા બાદ અટકળોનો અંત આવ્યો છે. આવી સ્થિતિમાં કોંગ્રેસ પાર્ટીએ હવે એકલા હાથે ચૂંટણી મેદાનમાં ઉતરવાનો નિર્ણય કર્યો છે. ગુલામ નબીએ કહ્યું છે કે કોંગ્રેસ પાર્ટી એકલા હાથે લોકસભાની ચૂંટણીમાં મેદાનમાં ઉતરશે. છેલ્લી ચૂંટણીમાં ઉત્તરપ્રદેશમાં યુપીની ૮૦ સીટો પૈકી ૭૩ સીટો એનડીએ ગઠબંધને જીતી હતી. સપાને પાંચ અને કોંગ્રેસને બે સીટો મળી હતી. માત્ર બે સીટો જીતનાર કોંગ્રેસ માટે લડાઈ ઉત્તરપ્રદેશમાં સરળ નથી. માત્ર બે પરંપરાગત સીટો જ કોંગ્રેસ જાળવી શકી હતી. હાલમાં પાર્ટી ચોથા નંબરની પાર્ટી છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તિસગઢમાં કોંગ્રેસની જીત થયા બાદ કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પરંતુ લડાઈ તેમના માટે ખુબ મુશ્કેલ છે.

ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસ પાર્ટીને ભાજપા વિકલ્પ બનવા માટે પોતાની નીતિ આકમક બનાવવી પડશે. સાથે સાથે ક્ષેત્રીય પક્ષોની સાથે સહકાર કરવાની જરૂર છે. હાલમાં કોંગ્રેસને સાથે લેવાની જરૂર બસપ અને સપાએ સમજી નથી. જેથી હવે રાજ્યમાં ત્રિકોણીય સ્પર્ધા થનાર ચે. આ ઘટનાથી રાહુલ ગાંધી અને અન્ય ક્ષેત્રીય દળોના નેતાઓને બોધપાઠ લેવાની જરૂર છે. ભાજપને એકલા હાથ કોંગ્રેસ પડકાર ફેંકી શકે તેમ નથી.

દક્ષિણ ભારતના આ મંદિર અનેક ઈતિહાસ ધરાવે છે જેથી...

મિનાક્ષી મંદિર વિશ્વભરમાં લોકપ્રિય

દક્ષિણ ભારત પ્રવાસીઓની વચ્ચે માત્ર પોતાની ખુબસુરત જગ્યા માટે જ લોકપ્રિય નથી બલ્કે અહીં સ્થિતમંદિરો પણ દુનિયાભરમાં જાણીતા રહ્યા છે. જ્યાં લાખોની સંખ્યામાં લોકો પહોંચતા રહે છે. મંદિર માતા પાર્વતીના મિનાક્ષી સ્વરૂપને સમર્પિત છે. તે ભારતના સૌથી પ્રાચીન મંદિરો પૈકી એક મંદિર છે. આ મંદિરને દેશના સૌથી અમીર મંદિર તરીકે પણ ગણવામાં આવે છે. આને દુનિયાના સાત અજુબા પૈકી એક તરીકે પણ ગણવામાં આવે છે. આ મંદિર હિન્દુ દેવતા શિવ (સુન્દરેશ્વર અથવા તો સુન્દર ઈશ્વરના રૂપમાં) અને તેમના પત્નિ પાર્વતી (મિનાક્ષી અથવા તો માછળીના આકારની આંખવાળી દેવીના રૂપમાં) ને સમર્પિત છે. આ મંદિર તમિળ ભાષાના ગૃહસ્થ ૨૫૦૦ વર્ષ જુના મદુરાઈ નગરની જીવરેખા સમાન છે. આધુનિક ઈતિહાસની વાસ્તવિક માહિતી હજુ સુધી મળતી નથી. પરંતુ તમિળ સાહિત્યના કહેવા મુજબ તે કેટલીક શતાબ્દી પહેલાનો વિક્રમ ધરાવે છે. આ મંદિર તમિળ ભાષાના ગૃહસ્થાન ૨૫૦૦ વર્ષ જુના મદુરાઈનગરના જીવન રેખા સમાન છે. હિન્દુ પૌરાણિક કથાનુસાર ભગવાન શિવ સુન્દરેશ્વરના સ્વરૂમાં પોતાના ગણોની સાથે પાંડ્યા રાજા મલયધ્વજની પુત્રી રાજકુમારી મિનાક્ષી સાથે લગ્ન કરવા માટે મદુરાઈ નગરમાં પહોંચી ગયા હતા. આ મંદિરના સ્થાપત્ય અને વાસ્તુ આશ્ચર્યચકિત કરનાર છે. જેના કારણે તે આધુનિક વિશ્વના સાત આશ્ચર્ય સ્થાનોની યાદીમાં પ્રથમ સ્થાન પર છે. પરંતુ તેનુ કારણ તો તેનુ વિસ્મયકારક સ્થાપત્ય છે. આ ભવ્ય ઈમારત ગ્રુપમાં ૧૨ ભવ્ય ગોપુરમ છે. જે અતીવ વિસ્તૃત રૂપથી શિલ્પિત છે. આના પર મોટી મહીનતા અને કુશળતાપૂર્વક રંગ તેમજ ચિત્રકારીના કારણે લોકોમાં ચર્ચામાં રહે છે. આ મંદિર તમિળ લોકોના અતિ ઉપયોગી સ્થળ તરીકે છે. તેનુ વર્ણન તમિળ સાહિત્યમાં પ્રાચીન કાળથી કરવામાં આવ્યુ છે. હિન્દુ આલેખોના કહેવા મુજબ ભગવાન શિવ પૃથ્વી પર સુન્દરરેશ્વર રૂપમાં મિનાક્ષી સાથે જે પોતે દેવી પાર્વતીના અવતાર તરીકે છે. તેમની સાથે લગ્ન કરવા માટે પહોંચ્યા હતા. દેવી પાર્વતીએ પૂર્વમાં પાડ્યા રાજા મલયધ્વજ , મદુરાઈના રાજાની ઘોર તપસ્યા કરી હતી. જેના કારણે તેમના ઘરમાં એક પુત્રીનો જન્મ થયો હતો. પુખ્યવયની થયા બાદ તે નગરા શાસનમાં આવી હતી. ત્યારે ભગવાન આવ્યા હતા અને તેમની સાથે લગ્ન કરવા માટેની દરખાસ્ત રજૂ કરી હતી. જે સ્વીકારી લેવામાં આવી હતી. આ લગ્નને વિશ્વની સૌથી મોટી ઘટના તરીકે ગણવામાં આવી હતી. જેના ભાગરૂપે સમગ્ર પૃથ્વીના લોકો મદુરાઈ પહોંચ્યા હતા. ભગવાન વિષ્ણુ પોતે પોતાના નિવાસસ્થાનથી નિકળીને લગ્નના સંચાલન હેતુથી પહોંચી ગયા હતા. ઈશ્વરીય લીલા મુજબ ઈન્દ્રના કારણે તેમને રસ્તામાં વિલંબ થયો હતો. આ ગાળા દરમિયાન લગ્નનુ કામ સ્થાનિક દેવતા કુડલ દ્વારા સંચાલિત કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ ક્રોધિત ભગવાન વિષ્ણુ આવ્યા હતા. તેઓએ મદુરાઈ શહેરમાં ક્યારેય ન આવવા માટેની પ્રતિજ્ઞા કરી હતી. જેથી તેઓ નગરની સરહદ નજીક એક સુન્દર પર્વત અલગાર કોઈલમાં વસી ગયા હતા. ત્યારબાદ તેમને અન્ય દેવતાઓ દ્વારા મનાવી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ મિનાક્ષી, સુન્દરરેશ્વરના પાણિગ્રહણ કરાવ્યા હતા. આ લગ્ન અને ભગવાન વિષ્ણુને શાંત કરવા સાથે સંબંધિત બંને તહેવાર સૌથી મોટા તહેવાર તરીકે છે. જેને ચિતિરઈ તિરુવિઝા અથવા તો અઝકર તિરુવિઝા તરીકે ઓળખવામાં આવે છે. આ દિવ્ય યુગલ દ્વારા અહીં લાંબા સમય સુધી શાસન કરવામાં આવ્યુ હતુ. એ સ્થળનુ ત્યારબાદ શુ થયુ તેના ઉલ્લેખ મળતા નથી. જો કે એમ માનવામાં આવે છે કે ઈન્દ્રને ભગવાન શિવની મુર્તિ શિવલિંગ રૂપમાં મળી હતી. ત્યારબાદ મુળ મંદિર બનાવવામાં આવ્યુ હતુ. આ પ્રથાને આઈજે પણ મંદિરમાં પાળવામાં આવે છે. એમ પણ કહેવામાં આવે છે કે હિન્દુ શૈવ મતાવલમ્બી સંતે આ મંદિરને લઈને કેટલીક બાબતોનો ઉલ્લેખ કર્યો હતો. ઈતિહાસમાં ઉલ્લેખ છે કે મુસ્લિમ શાસક મલિક કફિરે ૧૩૧૦માં ખુબ લુંટ ચલાવી હતી. સાથે સાથે પ્રાચીન ઘટકોને નષ્ટ કરી દીધા હતા. જાણકાર લોકો કહે છે કે આ મંદિરનુ ગર્ભગ્રહ ૩૫૦૦ વર્ષ જુનુ છે. આ મંદિરની બહારની અને અંદરની દિવાલોનુ નિર્માણ ૧૫૦૦-૨૦૦૦ વર્ષ પહેલા કરવામાં આવ્યુ હતુ. આ પૂર્ણ મંદિર આશરે ૪૫ એકર જમીન પર સ્થિત છે. મિનાક્ષી મંદિરની ખુબસુરતી જોઈને શ્રદ્ધાળુઓ અને વિદેશી પ્રવાસીઓ આજે પણ મંત્રમુગ્ધ થઈ જાય છે. તેની સાથે અનેક માન્યતાને લઈને પણ શ્રદ્ધાળુઓમાં ઉત્સુકતા રહે છે.



દુનિયાના અજુબા પૈકી એક મિનાક્ષી મંદિર માતા પાર્વતીને સમર્પિત છે : દુનિયાના સૌથી અમીર મંદિર તરીકે છે : શ્રદ્ધાળુઓમાં લોકપ્રિય છે

મિનાક્ષી મંદિર કઈ રીતે જવાય

દક્ષિણ ભારત પ્રવાસીઓની વચ્ચે માત્ર પોતાની ખુબસુરત જગ્યા માટે જ લોકપ્રિય નથી બલ્કે અહીં સ્થિતમંદિરો પણ દુનિયાભરમાં જાણીતા રહ્યા છે. જ્યાં લાખોની સંખ્યામાં લોકો પહોંચતા રહે છે. દક્ષિણ ભારતમાં અનેક લોકપ્રિય મંદિરો આવેલા છે. જેમાંથી એક મંદિર મદુરાઈના મિનાક્ષી મંદિર પણ છે. જેને અમ્મા મંદિર તરીકે પણ કહેવામાં આવે છે. જો તમે ચેન્નાઈ કોઈ કારણસર પહોંચી રહ્યા છો અને જવાનુ થાય છે તો મદુરાઈ ખાતેના મિનાક્ષી મંદિરમાં દર્શન કરવાની તક ચોક્કસપણે લેવી જોઈએ. ત્યાં આ ખાસ પ્રકારના પ્રાચીન મંદિરના દર્શન કરવાની તક દરરોજદ મોટી સંખ્યામાં લોકો ઉઠાવે છે. મંદિર સાથે સંબંધિત કેટલાક ઈતિહાસ રહેલા છે. મિનાક્ષી મંદિર પહોંચવા માટે તમે ફ્લાઈટનો ઉપયોગ પણ કરી શકો છો. આના માટે સૌથી પહેલા આપને ફ્લાઈટ બુક કરવાની રહેશે. પરંતુ ધ્યાન આપવાની બાબત એ છે કે આ કામ યોજના બનાવી લીધા બાદ ઓછામાં ઓછા ૩-૪ મહિના પહેલા કરી લેવાની જરૂર હોય છે. પહેલા બુકિંગ કરાવી લેવાની સ્થિતીમાં લાભ મળે છે. મદુરાઈ વિમાનીમથકે પહોંચી ગયા બાદ અહીં મિનાક્ષી મંદિરમાં જવા માટે તમે ટેક્સી બુક કરાવી શકો છો. આ સુવિધા આપને વિમાની મથકની નજીક પણ મળી શકે છે. આ ઉપરાંત ટ્રેન મારફતે પણ સરળતાથી પહોંચી શકાય છે. બજેટ પણ સાનુકુળ હોય છે. પરંતુ આ લાભ આપને એ વખતે મળે છે જ્યારે તમે એડવાન્સ ટિકિટ બુક કરાવો છો. આના કારણે આપને એડવાન્સ કન્ફર્મ ટિકિટ મળી શકે છે. સરળતાથી આરામદાયક પ્રવાસ કરી શકાય છે. જો તમે ચેન્નાઈમાં છો તો અહીંથી તમે એગ્મોર રેલવે સ્ટેશનથી ટ્રેન પકડી શકો છો. જે આપને સાત-આઠ કલાકમાં મદુરાઈ રેલવે સ્ટેશન પર પહોંચાડી શકે છે. અહીં પહોંચીને તમે ટેક્સી મારફતે મિનાક્ષી મંદિરમાં પહોંચી શકો છો. ચેન્નાઈથી મદુરાઈ જવા માટે બસ સેવાનો પણ લાભ લઈ શકો છો. આના માટે રાજ્ય સરકારની બસ અથવા તો ખાનગી બસ મારફતે મુસાફરી કરી શકાય છે. બસ તમને કોયાંબેડુ સ્થિત ચેન્નાઈ સીએમબીટી બસ ટર્મિનસથી મળી શકે છે. મદુરાઈ પહોંચીને બસ સ્ટેન્ડ પર ઉતરી ગયા બાદ અહીંથી મિનાક્ષી મંદિરનુ અંતર માત્ર ૨૦ મિનિટનુ છે. ઓટો અથવા તો ટેક્સી પકડીને પહોંચી શકાય છે. મિનાક્ષી મંદિર કેટલીક બાબતોને લઈને વિશેષ છે.

સરકારે લોખંડનો ભંગાર એકઠો કરી સરદારની પ્રતિમા બનાવી : ધાનાણી

સ્ટેચ્યૂ ઓફ યુનિટીના સવાલ પર બબાલ, ગૃહની કાર્યવાહી મુલતવી

લલિત વસોયા અને પ્રતાપ દૂધાતે સરકાર વિરોધી ટિપ્પણી કરી

ગાંધીનગર

ગુજરાત વિધાનસભાનું પાંચ દિવસીય સત્ર ચાલુ રહ્યું છે. ત્રીજા દિવસે ગૃહમાં બીજી બેઠકમાં બુધવારે વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણીએ કહ્યું હતું કે, લોખંડનો ભંગાર ભેગો કરી તેનો ભૂક્કો કરીને એમાંથી સરદારની પ્રતિમા બનાવી છે. જેને લઈને શાસક પક્ષે વિરોધ નોંધાવ્યો હતો. જેને પગલે કોંગ્રેસ અને ભાજપ આમને સામને આવી ગયા હતા. જેને પગલે ગૃહની કાર્યવાહી મુલતવી રાખવી પડી હતી.

કેવડિયા કોલોની ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી મુલાકાત સબબનો પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. કોંગ્રેસના લલિત વસોયા અને પ્રતાપ દૂધાત એ સમયે સરકાર વિરોધી ટિપ્પણી કરી હતી ત્યારે જવાબ આપી રહેલા નાણામંત્રી નીતિન પટેલ ઉશ્કેરાઈ ગયા હતા. બંને નેતાઓને જણાવ્યું હતું કે તમે જય સરદાર જય સરદાર બોલી સરદાર પટેલના નામે જીતી ગયા છો અને આજે ધારાસભ્ય બની ગયા છો. તમે ટોપી પહેરતા હતા અને જય પાટીદાર જય સરદારના નારા લગાવતા લગાવતા. આજે વિધાનસભામાં ધારાસભ્ય બન્યા છો માટે તમને બોલવાનો કોઈ અધિકાર જ નથી.

આ તબક્કે પરેશ ધાનાણીએ તેમના સભ્યોનો પક્ષ લેતા જણાવ્યું હતું કે, કેદી હંમેશા ટૂંકા પ્રવચન જેવા જવાબો રજૂ કરે છે. સરદાર પટેલે સૌરવ છે પરંતુ લોખંડી પુરુષ બંધારણમાં કેદ કર્યા છે. તેઓ વિધાન કરતા બંને પક્ષે દેકારો મચી ગયો હતો.

રાજ્યનું બાકી જાહેર દેવું: ૨,૧૭,૩૩૮ કરોડ

રાજ્યનું નાણાંકીય વર્ષ ૨૦૧૭-૨૦૧૮ સુધીનું સુધારેલ અંદાજ મુજબ કુલ બાકી જાહેર દેવું રૂ. ૨,૧૭,૩૩૮ કરોડછે. તેમ નાણામંત્રીએ લેખિતમાં સભ્યશ્રી કાંતિભાઈ પરમારનાં લેખિત પ્રશ્નમાં જણાવેલ છે.

સભ્યશ્રીનાં અન્ય પ્રશ્નમાં મંત્રીશ્રીએ જણાવેલ છે કે છેલ્લા બે વર્ષમાં નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માં રૂ. ૧૬,૦૮૭ કરોડ વ્યાજ અને રૂ. ૯,૦૭૩ કરોડ મુદ્દલ ચૂકવેલ જ્યારે ૨૦૧૭-૧૮માં વ્યાજના રૂ. ૧૭,૧૭૮ કરોડ અને રૂ. ૧૩,૭૦૧ મુદ્દલ ચૂકવેલ છે.

પરેશ ધાનાણીએ કરેલા શબ્દો પાછા ખેંચવાની ભાજપના સભ્યોએ જીદ કરી હતી. જોકે સામે કોંગ્રેસના સભ્યોએ પણ શબ્દો પરત નહી ખેંચવા સામે રાજકીય દલીલો કરતાં હતા.

આ તબક્કે વિજય રૂપાણીએ ગૃહ સમક્ષ જણાવ્યું હતું કે, સરદાર પટેલ એક અનુભવ છે અને સમગ્ર દુનિયાભરમાં સૌથી મોટી આપણે બનાવ્યું છે ત્યારે કોંગ્રેસ સરદારનું અપમાન કરે છે અને જવાબ સાંભળતા નથી. જો તમને વાંધો હોય તો પછી તમે ટીકા ટીપ્પણી કરો. દુનિયામાં સૌથી મોટો ઊંચામાં ઊંચી પ્રતિમા અમે બનાવી છે. સરદાર પટેલ લોખંડી કહેવાતા હતા અને લોકોના પ્રતિક ઉઘરાવીને આવી હોવાનું જણાવ્યું હતું.

બીજી તરફ પરેશ ધાનાણીએ કરેલા વિધાનના વિરોધમાં શબ્દો પાછા ખેંચવા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, તમારા વિધાન દરમિયાન તમે લોખંડનો ભંગાર શબ્દ કહી સરદાર પટેલનું અપમાન કર્યું છે. એટલે તમે શબ્દો પાછા ખેંચો આ તમને શોભતું નથી તેમ કહેતા બંને પક્ષે હોબાળો મચી ગયો હતો.

બીજી તરફ પરેશ ધાનાણીએ પોતાનો બચાવ કરતા જણાવ્યું હતું કે, જે શબ્દોનો મેં પ્રયોગ કર્યો છે તેમાં કારણો વિધાનસભા ગૃહમાં તમે ભાષણો કર્યા છે જે રેકોર્ડ ઉપર છે ત્યારે મુખ્યમંત્રી વિજય રૂપાણી એકદમ ઉશ્કેરાઈ ગયા હતા.

રૂપાણીએ જણાવ્યું હતું કે, પરેશભાઈએ ભંગારનો ભૂક્કો એ શબ્દ સરદારના અપમાન સમાન છે માટે તેમણે માફી માગવી પડશે અને જ્યાં સુધી માફી નહીં માંગે ત્યાં સુધી ચાલશે નહીં તેવી ચીમકી ઉચ્ચારી હતી.

આ તબક્કે પરેશ ધાનાણી પોતાનો બચાવ કરતા જણાવ્યું હતું કે, આ સરકારે કર્યું છે જેને રેકોર્ડ ઉપર લાવવા માટે પ્રયાસ કરે છે. એટલું જ નહીં દાનમાં આવેલ લોખંડ હજુ પણ પડી રહી છે અને આ સરકારે ચાઈનાથી સરદાર પટેલની પ્રતિમા બનાવી દે નહીં તો શું? અંતે અધ્યક્ષે શબ્દો પરત ખેંચવા માટે પરેશ ધાનાણીએ કહ્યું હતું પરંતુ બંને પક્ષે દેકારો અને હોહા મચી જતાં અધ્યક્ષે ગૃહને સ્થગિત કરવાનો નિર્ણય કર્યો હતો. આમ આજે પ્રશ્નોત્તરી કાળમાં જ ભંગારનો ભુક્કો એક શબ્દ ઉપર વિધાનસભાગૃહમાં દેકારો મચ્યો હતો.

અમદાવાદની મહિલા વેપારીએ સુરતના વેપારીનું કરી નાખ્યુ

રૂા. ૬.૩૩ લાખનો માલ ખરીદી પેમેન્ટના બદલે ધમકી આપી

સુરત

અમદાવાદની મહિલા વેપારીએ સુરતના કાપડ દલાલ મારફતે રૂપિયા ૬.૩૩ લાખની કિંમતના તાકા મગાવી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી.

મહિધરપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સહારા દરવાજાન ટ્વીન ટાવરમાં અંબિકા ટેક્ષટાઈલ્સના નામે દુકાન ધરાવતા પરેશભાઈ વિઠ્ઠલભાઈ નાગપુરેએ આરોપી આશાબેન મુકેશભાઈ વેકરિયા (સુમેલ બિઝનેસ પાર્ક, કાલુપુર અમદાવાદ), કાપડ જદલાલ ચંદુભાઈ (રહે. પુણા) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી આશાબેન દલાલ ચંદુ મારફતે ફરિયાદી પરેશભાઈ પાસેથી રૂપિયા ૬,૩૩,૬૪૦ની કિંમતના કાપડની તાકા મંગાવ્યા હતા. આ માલનું પેમેન્ટ કરવાને બદલે આરોપીઓએ ગાળો આપી ધાક-ધમકી આપી હતી. બનાવ અંગે મહિધરપુરા પોલીસે વિશ્વાસઘાત-છેતરપિંડી ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અલ્પેશની વરાછા પોલીસે ધરપકડ કરી, કોર્ટમાં જતા બોલ્યોઃ 'જનતા કહેશે તો ચૂંટણી લડીશ'

સુરત

વરાછા પોલીસ મથકમાં નોંધાયેલાં રાયોટીંગના ગુનામાં પાસ નેતા અલ્પેશ કથીરિયાની વરાછા પોલીસે ધરપકડ કરી હતી. ગત રોજ સરથાણા પોલીસ મથકમાં નોંધાયેલાં સરકારી ફરજમાં અડચણના ગુનામાં અલ્પેશની ધરપકડ કરી હતી. જ્યારે બુધવારે ફરી ધરપકડ કરી છે અને સેશન્સ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. કોર્ટમાં જતા સમયે અલ્પેશે કહ્યું હતું કે, જનતા કહેશે તો ચૂંટણી લડીશ. કોર્ટમાં રજૂ કરાયા બાદ અલ્પેશને ફરી જેલમાં મોકલાયો હતો. અત્રે ઉલ્લેખનિય છે કે, રાજદ્રોહના કેસમાં ક્રાઈમ બ્રાન્ચે તેને વેલંજાના એક લગ્ન સમારોહમાંથી ઝડપી પાડી જેલ હવાલે કર્યો હતો.

વરાછા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા રાયોટીંગના ગુનામાં અલ્પેશ કથીરિયાનો લાજપોર સેન્ટ્રલ જેલમાંથી વરાછા પોલીસે આરોપીનો કબજો મેળવ્યો હતો. અને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. નોંધનિય છે કે, પાંચ જેટલા ગુના નોંધાતા અલ્પેશને અગાઉ રાજદ્રોહના કેસમાં મળેલાં જામીન સેશન્સ કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવતા અલ્પેશ પોલીસ પકડથી બચવા ભાગતો ફરતો હતો. ક્રાઈમ બ્રાન્ચે તેની ધરપકડ કરતાં સરથાણા પોલીસે તેની ધરપકડ કરી હતી. મોડી સાંજે અલ્પેશને ફરી સેન્ટ્રલ જેલ મોકલી અપાયો હતો. જ્યારે આજે વરાછા પોલીસે ધરપકડ કરી કોર્ટમાં રજૂકર્યો હતો. હવે ૨૨મી ફેબ્રુઆરીના રોજ હાઈકોર્ટમાં સેશન્સ કોર્ટના જામીન રદ કરવાના હુકમ સામે બચાવ પક્ષના વકીલ યશવંતસિંહ વાળા મારફત કરવામાં આવેલી અરજી પર સુનાવણી હાથ ધરાનારા છે.

વરિયાવમાં ગેરકાયદે તાણી દેવાયેલા તબેલાનું ડિમોલીશન

મિલકતદાર પાસેથી રૂા.૧૫ હજરના દંડની વસૂલાત

સુરત, તા.૨૦

સુરત મહાનગર પાલિકાના પશ્ચિમ ઝોન રાંદેર દ્વારા તા.૧૯-૨-૨૦૧૯ના રોજ વરીયાવ વિસ્તારમાં આવેલી ટી.પી. સ્કીમ નં.૩૬ વરીયાવ, એફ.પી.નં.૧૭ વાળી સરકારી જગ્યામાં ગેરકાયદેસર રીતે બનાવવામાં આવેલ તબેલા, રૂમનું ગેરકાયદેસર દબાણ, બાંધકામ દૂર કરવાની કામગીરી કરવામાં આવી હતી અને આશરે ૪૩૭૦.૦૦ ચો.ફૂટ જેટલી સરકારી જગ્યા પરનું દબાણ દૂર કરાયું હતું. ડીમોલીશન અન્વયે મિલ્કતદાર પાસેથી કુલ રૂા.૧૫૦૦૦ વહીવટી ચાર્જ પેટે વસૂલ કરવામાં આવ્યા હતા.

આ કામગીરી પશ્ચિમ ઝોન રાંદેરના ડેપ્યુટી કમિશનર તથા કાર્યપાલક ઈજનેરની સૂચના તથા સીધા માર્ગદર્શન હેઠળ રાંદેર ઝોનના શહેરી વિકાસના ૧ ડેપ્યુટી ઈજનેર, ૫ આસી. ઈજનેર-જુની ઈજનેર, ૧ સુપરવાઈઝર, ૧ ટેક્નિકલ આસિસ્ટન્ટ, ૧ ફોટોગ્રાફર તથા કુલ ૨૦ બેલદાર, કુલ ૨ નંગ મઝદા ગાડી સહિતનાઓ દ્વારા કરવામાં આવી હતી.

શૈક્ષણિક સંસ્થાઓના આગેવાન ડૉ. એ.ટી. દેસાઈનું નિધન

મંગળવારે તેમના નિવાસ સ્થાને અંતિમ શ્વાસ લીધા

સુરત

સુરત જનરલ હોસ્પિટલના ટ્રસ્ટી મંડળના ચેરમેન, સુરત પત્રકાર કલ્યાણ નિધિ ટ્રસ્ટના પ્રમુખ, દયાળજી કેળવણી મંડળના ચેરમેન અને શહેરની સામાજીક અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલાં ડો. એ.ટી. દેસાઈએ આજે ફાની દુનિયાથી વિદાય લીધી હતી.

મંગળવારે મોડી રાત્રે ૧૧:૪૫ કલાકે તેમના નિવાસ સ્થાને અંતિમ શ્વાસ લીધા હતા. ડો. એ.ટી. દેસાઈની વિદાય સાથે શહેરનો વધુ એક સિતારો ખરી પડ્યો હતો. ભટ્ટની હોસ્પિટલ તરીકે ઓળખાતી સુરત જનરલ હોસ્પિટલના ચેરમન ડો. અરવિંદલાલ ઠાકોરલાલ દેસાઈને ભાગ્યે જ કોઈ તેમના પૂરા નામથી ઓળખતું હશે. એ.ટી. દેસાઈ તેમની ઓળખ બની ચૂકી હતી. સૈધ્ધાંતિક પ્રેક્ટિસ માટે જાણીતા ડો. ચંપકલાલ ઘીયા, ડો. નવનીત નાગરવડીયા સહિતના સમક્ષક તબીબોમાં તેમનું આગવું સ્થાન હતું. અનેક સામાજીક અને શૈક્ષણિક સંસ્થાઓમાં યોગદાન આપનાર ડો. દેસાઈએ ૧૯૯૨માં કોમી રમખાણ બાદ શહેરમાં ભભૂકતા કોમી દાવાનળને ઠારીને શાંતિ જાળવવામાં પણ આગળ પડતો ભાગ ભજવ્યો હતો. કોમી રમખાણની આગમાં શેકાતા શહેરમાં શાંતિ બહાલ કરવા માટે ડો.એ.ટી. દેસાઈ આગળ આવ્યા હતા. તેમના નેતૃત્વમાં ડો. બી.એ. પરીખ, બાબુ દેસાઈ સહિતના આગેવાનો શાંતિમાર્ચમાં જોડાયા હતા. તાજેતરમાં જ તેમની ૯૧મો બર્થ જે ઉજવવામાં આવ્યો હતો. તેમના પુત્ર ચેતન દેસાઈએ જણાવ્યું હતું કે, બુધવારે સવારે અગિયાર વાગ્યે તેમનો પાર્થિવ દેહ રીંગરોડ આર. ટી.ઓ. નજીક આવેલા તેમના નિવાસ સ્થાને દર્શન માટે મૂકાશે. બપોરે બે વાગ્યે તેમની અંતિમ યાત્રા ઉમરા રામનાથ ઘેલા સ્મશાન ભૂમિ તરફ પ્રસ્થાન કરશે. એ.ટી. દેસાઈની વિદાય શહેરના આગેવાનો માટે વસમી ઘડી લઈને આવી છે.

કાપોદરાની હાજીપીર દેવસ્થાનની જમીન વિવાદમાં ઉપલી કોર્ટનો સ્ટે..

અંકલેશ્વર

દરમિયાન કાપોદરા હાજી પીર દેવસ્થાનની જમીન અંગે અંકલેશ્વર કોર્ટના ચુકાદા પર ઉપલી કોર્ટે સ્ટે આપ્યો છે. આ અંગે જેમને કોર્ટે ૫૦ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે એવા વાદી ઝુબેર લુલાતે જણાવ્યું હતું કે દેવસ્થાન ધારાની નાબૂદીનો પરિપત્ર આવી ગયો છે. જે કોર્ટની ધ્યાન બહાર હતું. ઉપલી કોર્ટમાં અમારા ધારાશાસ્ત્રીઓ અશોક પાનવાલા તથા આઈ.ટી. પટેલે આ મુદ્દા તરફ કોર્ટનું ધ્યાન દોરતાં કોર્ટે અમને રાહત આપી છે અને નીચલી કોર્ટના ચુકાદાના અમલ પર સ્ટે ઓર્ડર આપી માર્ચ મહિના સુધીનો અમને સમય આપ્યો છે. હવે જોવું રહ્યું કે આ કેસમાં આગળ શું થાય છે.

મહિલા બુટલેગર દારૂ સાથે ઝડપાઈ

સુરત

કામરેજ તાલુકાના ઝાંખા ગામના ભાથુજી મંદિર ફળિયામા રહેતી એક મહિલા બુટલેગરના મકાનમાં તેમજ શેરડીના ખેતરમાં પોલીસે દરોડા પાડી વગર પાસ પરમીટની દારૂની ૭૧૧ નંગ બોટલ કિંમત રૂા. ૩૮,૪૫૦/- કબજે કરી તેની ધરપકડ કરી હતી. જ્યારે દારૂનો જથ્થો પુરો પાડનાર બુટલેગર અંકિતને પોલીસ ચોપડે વોન્ટેડ બતાવાયો હતો. પોલીસે પ્રોહીબીશન એકટ મુજબનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, કારેજ ઝાંખા ગામ મંદિર ફળિયામાં સુનીતાબેન ઉર્ફે ટીનાબેન ગામીત રહે છે. તેઓ છૂટક દારૂનું વેચાણ કરે છે. ગત દિવસોમાં આર.આર. સેલે મહિલા બુટલેગર સુનિતાબેન ગામીતના ઘરના વાડામાં તેમજ શેરડીના ખેતરમાં દરોડા પાડી વગર પાસ પરમીટની ૭૧૧ નંગ બોટલ કિંમત રૂા. ૩૮,૯૫૦/- તથા એક મોબાઈલ ફોન કરી તેની ધરપકડ કરી હતી. જ્યારે આ દારૂનો જથ્થો પુરો પાડનાર અંકિત નામના બુટલેગરને પોલીસે ચોપડા પર વોન્ટેડ જાહેર કર્યો હતો. પ્રોહીબીશન એકટ મુજબ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

હાજ પીરની જમીનોમાં થયેલા તમામ ફેરફાર નોંધ રદ્દ કરવા આદેશ

અંકલેશ્વરના કાપોદરાની જમીન વિવાદ કેસમાં કોર્ટનો ચુકાદો

અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના કાપોદરા ગામની હાજી પીરની જમીનોના થયેલા વેચાણ અંગે અંકલેશ્વર સિવિલ કોર્ટ દ્વારા મહત્ત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે.

કાપોદરા ગામે સર્વે નંબર ૪૯, ૧૩૦ અને ૧૩૭માં હાજી પીરની જમીન આવેલી છે. આ જમીનના મુખ્ય વહીવટકર્તા ગુલામ શાહના કેટલાક વારસદારોએ અંકલેશ્વર મામલતદાર કચેરી ખાતે વાંધા અરજી આપી છે. જેનો ચુકાદો હજુ આવ્યો નથી. બીજી તરફ આ જમીન અંગે અંકલેશ્વરના બીજ સિવિલ જજની કોર્ટમાં તા.૧ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ રે.ડી.મુ.૧૬૩/૨૦૧૭ થી વાદી તરીકે અહમદ સઈદ ગુલામ મહંમદ લુલાતના કુલ મુખત્યાર ઝુબેર લુલાતે પીટીશન ફાઈલ કરી હતી અને પ્રતિવાદી તરીકે ૧૪ જેટલા ઈસમો સામે કેસ ચાલ્યો હતો. જેમાં તા.૨૪મી જાન્યુઆરીએ બીજા સિવિલ જજ બિજેન્દ્ર ચંદ્ર ત્રિપાઠીએ ચુકાદો આપીને આ દાવા અરજી રદ કરી છે. સાથે જ કોર્ટને ગેરમાર્ગે દોરવા બદલ રૂા.૫૦ હજારનો દંડ કરાયો છે અને દરેક પ્રતિવાદીને રૂા.૨૫ હજારનો દંડ ફટકાર્યો છે. કોર્ટ તરફથી ભરૂચ જિલ્લા કલેક્ટરને હુકમ કરાયો છે કે મામલતદાર અંકલેશ્વર અને નાયબ કલેક્ટર અંકલેશ્વરનાઓએ આ જમીનમાં જે નવી ફેરફાર નોંધ પાડી છે તે રદ્દ કરી જમીન મૂળ હાજીપીર દેવસ્થાનના નામે એન્ટ્રી કરવામાં આવે અને દાવા વાળી મિલ્કત બાબતે કરાયેલી એન્ટ્રીઓની ઈન્કવાયરી કરી તેમાં તમામ કસૂરવારો સામે ઉચિત કાર્યવાહી કરી ૩૦ દિવસમાં કોર્ટમાં જાણ કરવામાં પણ જણાવાયું છે. આ ઉપરાંત જો વાદી-પ્રતિવાદીઓ દંડની રકમ કોર્ટમાં જમા ન કરાવે તો બે મહિનામાં રેવન્યુ રાહે વસૂલી કરી કોર્ટમાં જમા કરાવવા આદેશ કરાયા છે.

કોર્ટના આ ચુકાદાના પગલે કાપોદરા ગામે હાજી પીરની ખેતીની જમીનોનું બારોબાર વેચાણ કરનારા તેમજ જમીનોના દસ્તાવેજ કરનારા ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. આ ચુકાદાનાં પગલે હાજીપીર ની જમીન ખેતીની હોવા છતાં બિનખેતીમાં ફેરફાર થયેલી નથી અને એથી એના પર થયેલા બાંધકામો ગેરકાયદેસર અને સરકારી વિભાગની પરવાની વિના કરાયા હોવાનું માની શકાય. આ અંગે આગામી દિવસોમાં વાદી પ્રતિવાદીઓ શું પગલાં લે છે અને જિલ્લા વહીવટી તંત્ર શું પગલાં લે છે એ જોવું રહ્યું!!

વરાછામાં કારખાનેદારે બે રત્નકલાકારને ગોંધી રાખી માર માર્યો

હિરાની બદલીનો વહેમ રાખી રૂપિયા પડાવી લીધા

સુરત

વરાછામાં હીરાના કારખાનેદાર અને મેનેજર હીરા બદલીનો વહેમ રાખી બે રત્નકલાકારને માર મારી ગોંધી રાખ્યાની ફરિયાદ વરાછા પોલીસ મથકે નોંધાઈ હતી.

વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સરથાણા ખોડીયારકૃપા સોસાયટીમાં રહેતા જયેશ પરસોત્તમભાઈ પીપલીયા બરોડા પ્રિસ્ટેજ તોરણ એપાર્ટમેન્ટમાં સીતારામણ ડાયમંડની ઓફિસ ધરાવતા રમેશભાઈ આહિરને ત્યાં હીરા ઘસવાનું કામ કરે છે. ગત તા. ૧૬મીના રોજ શેઠ રમેશભાઈ અને મેનેજર સુરેશભાઈએ ફરિયાદી જયેશ અને રવિને ચેક કરતા હીરા મળ્યા ન હોવા છતાં પણ 'તમો હિરાની બદલી કરો છો', તેમ કહી દંડાથી ફટકારના જાનથી મારી નાખવાની ધમકી આપી ઓફિસમાં ગોંધી રાખી બળજબરીથી રૂપિયા લઈ એટીએમ કાર્ડ દ્વારા રૂપિયા ઉપાડી લીધા હતા.

વરાછા પોલીસે બન્ને વિરુદ્ધ ગુનો નોંધી પો.સ.ઈ. ડી.જે. ચોરડિયાએ તપાસ હાથ ધરી છે.

સરથાણાનું શ્રી સ્વામીનારાયણ મંદિરે દશાબ્દી મહોત્સવ યોજાશે

સુરત

મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિર, સરથાણા-સુરતના દશાબ્દી પર્વેત્રિદિવસીય "વિશ્વ મંગલ મહોત્સવ"નું આયોજન શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું છે. પ્રથમ દિવસે તા.૨૧-૨-૨૦૧૯ ને ગુરુવારે જીવનપ્રાણ શ્રી અબજીબાપાશ્રીની વાતોની સમૂહ પારાયણ, શ્રી સ્વામિનારાયણ ગાદી ગ્રંથની પારાયણ અને શ્રીજી મહારાજની અમૃતવાણી "વચનામૃત" ગ્રંથની પારાયણનો શુભારંભ થશે. આ દિવસે "વિશ્વ માતૃભાષા દિવસ" ઉજવણી કરવામાં આવશેઅને શ્રીસ્વામિનારાયણ છાત્રાલય-મણિનગરના વિદ્યાર્થીઓનું સમ્મેલન યોજાશે. રાત્રે ભક્તિ સંગીત કાર્યક્રમ યોજાશે. તા.૨૨-૨-૨૦૧૯ને શુક્રવારે શ્રી સ્વામિનારાયણ ગાદી ગ્રંથની પૂર્ણાહુતિ થશે.આ પ્રસંગે સામાજિક ક્ષેત્રે યોગદાન આપનાર સમાજશ્રેષ્ઠીઓનું સન્માન કરવામાંઆવશે. બપોરે ૩.૩૦ કલાકે "વિશ્વ મંગલ યાત્રા-ભવ્ય નગરયાત્રાનું" આયોજન કરવામાં આવ્યું છે. તેમાં પુલવામાં શહીદ થયેલ વીર જવાનોને ભાવાંજલિ અર્પણ કરવામાં આવશે. તા. ૨૩-૨-૨૦૧૯ ને શનિવારે પાટોત્સવ વિધિ,અન્નકૂટ,આરતીઓ યોજાશે. આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજના આશીર્વાદનું રસપાન કરવા મળશે તેમજ સત્કાર સમારંભ યોજાશે. આ પ્રસંગે શહેરના ભાવિક ભક્તોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

સરદારને લોખંડના ભંગાર સાથે સરખાવ્યાનો વિવાદઃ ધાનાણી એક દિવસ માટે સસ્પેન્ડ

ધાનાણીને સસ્પેન્ડ કરતા વિપક્ષે સુત્રોચ્ચાર કર્યા, વિપક્ષે વિધાનસભા ગૃહમાંથી વોકઆઉટ કર્યું

ગાંધીનગર

ગુજરાત વિધાનસભાનું પાંચ દિવસીય સત્રના ત્રીજા દિવસે ગૃહમાં વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણીના એક નિવેદન પર વિવાદ થયો હતો. પરેશ ધાનાણીએ કહ્યું હતું કે લોખંડનો ભંગાર ભેગો કરી તેનો ભુક્કો કરીને તેમાંથી સરદારની પ્રતિમા બનાવી છે. ધાનાણીના આ નિવેદન સામે સરકારે વિરોધ નોંધાવ્યો હતો. આ મુદ્દે ભાજપ અને કોંગ્રેસ સામ-સામે આવી ગયા હતા.



વિધાનસભામાં ઉપ મુખ્યમંત્રી કેવડિયા કોલોની ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટીના ખર્ચ અને પ્રવાસીઓ વિશે જવાબ આપતા હતા ત્યારે કોંગ્રેસના લલિત વસોયા અને પ્રતાપ દૂધાત સરકાર વિરોધી ટિપ્પણી કરી હતી. આ સમયે વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણીએ તેમનો સભ્યોનો પક્ષ લેતા જણાવ્યું હતું કે, કેદી હંમેશા ટૂંકા પ્રવચન જેવા જવાબો રજૂ કરે છે. સરદાર પટેલ ગૌરવ છે પરંતુ લોખંડી પુરુષને બંધારણમાં કેદ કર્યા છે. તેઓ વિધાન કરતા બંને પક્ષે દેકારો મચી ગયો હતો. પરેશ ધાનાણીએ કરેલા શબ્દો પાછા ખેંચવાની ભાજપના સભ્યોએ જીદ કરી હતી. જોકે સામે કોંગ્રેસના સભ્યોએ પણ શબ્દો પરત નહી ખેંચવા સામે રાજકીય દલીલો કરતાં હતા.

વિપક્ષના નેતા પરેશ ધાનાણીને એક દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ધાનાણીને સસ્પેન્ડ કરતા વિપક્ષે સુત્રોચ્ચાર કર્યા હતા. વિપક્ષે વિધાનસભા ગૃહમાંથી વોકઆઉટ કર્યું છે.

વિધાનસભામાં હોબાળા અંગે કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલનું નિવેદન કર્યું હતું કે પ્રશ્નનો જવાબ આપવામાં નીતિન પટેલે ૧૫ મિનિટ લીધી હતી. સરદાર પટેલનું સ્ટેચ્યુ બનાવવા ભાજપે ગામડે ગામડેથી ભંગાર ઉઘરાવ્યો હતો એ ગોડાઉનમાં પડ્યો છે. સ્ટેચ્યુ ચાઈનાએ બનાવ્યું છે. પ્રતિમા બનાવવા ચીનનો સહારો લેવો પડ્યો છે. ભાજપે માફી મંગાવી જોઈએ ભાજપ અને મોદીએ સરદારનું અપમાન કર્યું છે. ભાજપની રણનીતિ હતી કે આગળના પ્રશ્નોના જવાબ સરકારને આપવા ના પડે એટલે નીતિનભાઈએ ટૂંકો જવાબ આપવાનો બદલે ૧૫ મિનિટ બોલ્યા હતા.

જ્યારે અંગે આ પરેશ ધાનાણીએ કહ્યું કે, મારા શબ્દોથી સરદાર સાહેબનું અપમાન થતું હોય તો એક વાર નહીં પણ સો વાર માફી માગવા તૈયાર છું. સંસદીય બાબતોના મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું કે, ગૃહનું જ નહી પણ સમગ્ર ગુજરાતનું પણ અપમાન છે. કોંગ્રેસના ઉપનેતા શૈલેષ પરમારએ અધ્યક્ષને આવા શબ્દ પ્રયોગને રેકોર્ડ પરથી દૂર કરવાની વાત કરી હતી.

કોચ ઈરફાન અન્સારી પર લાગ્યો ૧૦ વર્ષનો પ્રતિબંધ

ન્યુ દિલ્હી

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદે બુધવારે યુએઈમાં રહેનાર કોચ ઈરફાન અંસારીને ૧૦ વર્ષ માટે સસ્પેન્ડ કરી દીધા છે. અંસારીને ૨૦૧૭માં પાકિસ્તાનના કેપ્ટન સરફરાઝ અહેમદ સાથે ભ્રષ્ટ સંપર્ક કરવાના દોષી ઠેરવવામાં આવ્યા છે.

આઈસીસીએ નિવેદનમાં કહ્યું કે આઈસીસીની ભ્રષ્ટાચાર વિરોધી પંચાટે અંસારીને દુબઈમાં સુનાવણી દરમિયાન ભ્રષ્ટાચાર વિરોધી સંહિતાના ત્રણ નિયમોના ઉલ્લંઘનના દોષી ઠેરવાયા. જે બાદ તેમની પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો.

પાકિસ્તાન ક્રિકેટ ટીમ સાથે જોડાયેલા અને યુએઈના ઘરેલૂ ક્રિકેટમાં ભાગ લેનાર બે ટીમોના કોચ હોવાના કારણે અંસારી આઈસીસીની સંહિતા સાથે બંધાયેલા છે.

આઈસીસીના એસીયુ જનરલ મેનેજર એલેક્સ માર્શલે કહ્યુ, હું સરફરાઝ અહેમદને અભિનંદન આપવા માગુ છુ. જેમણે આ સંપર્કની જાણકારી આપીને અસલી નેતૃત્વ ક્ષમતા જણાવી છે.

અંસારીએ ઓક્ટોબર ૨૦૧૭માં યુએઈમાં શ્રીલંકા વિરુદ્ધ સીરીઝ દરમિયાન સરફરાઝ સાથે સંપર્ક કર્યો હતો. તેમનો ઈરાદો સરફરાઝ સાથે જાણકારીઓ કઢાવીને તેને ભ્રષ્ટ ગતિવિધિઓમાં સામેલ કરવાનો હતો.

'સૌનો સાથ સૌનો વિકાસ'માં માઈનસ દલિત, આદિવાસી અને મુસ્લિમઃ મેવાણી

ગાંધીનગર

વડગામનાં ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ ગુજરાત ભાજપ સરકાર પર અનેક પ્રહાર કર્યા છે. તેમણે આભડછેટ, દલિતોને જમીન અને થાનગઢ રિપોર્ટ અંગે વાત કરી છે.

જિગ્નેશ મેવાણીએ ગુજરાત ભાજપ સરકારને આભડછટ અંગે પ્રહાર કરતાં જણાવ્યું કે, 'આજે મેં ગુજરાતની ભાજપ સરકારને ચેલેન્જ આપી કે ગુજરાતનાં ૧૫૮૯ ગામમાં ૯૮ પ્રકારની આભડછેટ જોવા મળે છે. જો તમારી સરકાર સામાજિક ન્યાય આપવા માંગતા હોવ તો આ આભડછેટ કરનારા તમામ સામે લાગુ પડતી કલમ અંતર્ગત ગુનો દાખલ કરો. આ મુદ્દે ભાજપની સરકાર અને નીતિન પટેલે મૌન ધારણ કર્યું. આપણે મંગળ પર પાણી છે કે નહીં તે જાણવાની ટેકનોલોજી વિકસાવી પરંતુ એકપણ દલિત સમાજનાં લોકોને ગટરની અંદર ન ઉતરવું પડે તેવી કોઈ ટેક્નોલોજી શોધી શકતા નથી. તે પર પણ ગુજરાત ભાજપે મૌન ધારણ કર્યું.' મેવાણીએ અન્ય પ્રહાર કરતા જણાવ્યું કે, 'ઉનાનાં પીડિતોને સામે ચાલીને પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે પ્રોમિશ આપ્યું હતું કે આ પીડિત પરિવારને સરકારી નોકરી મળશે, તેમના ખેતી કરવા માટે જમીનની ફાળવણી થશે, ગામનો વિકાસ કરીશું. આ ત્રણેયમાંથી એકપણ માંગણી હજી સુધી સંતોષાઈ નથી. જ્યારે બીજી તરફ ઉનાનાં પીડિતોએ રાષ્ટ્રપતિને પત્ર લખવો પડ્યો કે અમને જીવન ટૂંકાવી દેવાની મંજૂરી આપો કારણ કે ગુજરાતની સરકારે તેમનું એક પણ વચન પાડ્યું નથી.'

ટ્રિપલ તલાક પર સરકાર બીજી વખત વટહુકમ લાવી

ન્યુ દિલ્હી

કેન્દ્ર સરકાર ફરી વખત ટ્રિપલ તલાક વટહુકમને મંજૂરી આપી છે. કેબિનેટની બેઠકમાં વટહુકમ ઉપર નિર્ણય લેવામાં આવ્યો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ પીએમ નિવાસસ્થાને યોજાયેલી બેઠકમાં ટ્રિપલ તલાક વટહુકમને મંજૂરી આપવામાં આવી. આ વટહુકમ બીજી વખત લાવવામાં આવ્યો છે. ટ્રિપલ તલાક બિલ રાજ્યસંભામાં અટવાયેલું પડ્યું છે. પરંતુ હવે સંસદનું સત્ર લોકસભા ચૂંટણી બાદ જ થશે એ સંજોગોમાં સરકારે બીજી વખત વટહુકમ લાવવાનો નિર્ણય કર્યો.

ટ્રિપલ તલાક વટહુકમ અનુસાર મુસ્લિમ મહિલાઓને એક સાથે ત્રણ વખત તલાક કહીને મતલબ કે તલાક-એ-બિદત દ્વારા લગ્ન તોડવાની મનાઈ છે. આવું કરનારાને સજાની જોગવાઈ કરવામાં આવી છે. વટહુકમ અનુસાર એક વખતમાં ટ્રિપલ તલાક આપવી ગેરકાયદેસર ગણાશે અને એ માટે ત્રણ વર્ષની સજાની જોગવાઈ છે. પીડિત મહિલા કે તેના નિકટના સ્વજન આ અંગે ફરિયાદ કરી શકશે. ઉલ્લેખનીય છે કે ૧૩ ફેબ્રુઆરીના દિવસે રાજ્યસભાનું સત્ર સમાપ્ત થયું હતું. આ સત્રમાં પણ મોદી સરકાર ટ્રિપલ તલાક બિલ પસાર કરાવી શકી નહોતી. લોકસભામાં આ બિલ ગયા વર્ષે ડિસેમ્બરમાં પસાર થઈ ચૂક્યું છે.

ભાજપે વલણ બદલ્યું એટલે ગઠબંધન કર્યું, સીએમ શિવસેનાનો જ બનશે : ઉદ્ધવ ઠાકરે

મુંબઈ

શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે, તેઓ મહારાષ્ટ્રમાં તેમની જ પાર્ટીના મુખ્યમંત્રીને જોવા માંગે છે. તેમણે તેમના ઘરે કાર્યકર્તાઓ સાથે ચર્ચા દરમિયાન આ વાત કરી હતી. તેમણે કહ્યું કે, મેં અનુભવ કર્યો કે ભાજપના વ્યવહારમાં પરિવર્તન આવ્યું છે તેથી જ મેં ગઠબંધન કરવાનો નિર્ણય કર્યો છે.

બંને પાર્ટીઓમાં છેલ્લાં થોડા સમયથી ખેંચતાણ ચાલી રહી હતી અને હવે તાજેતરમાં જ તેમની વચ્ચે સીટોની વહેંચણી વચ્ચે સહમતી બની છે. લોકસભા ચૂંટણીમાં ભાજપ ૨૫ અને શિવસેના ૨૩ સીટો પર ચૂંટણી લડશે.

ઉદ્ધવ ઠાકરેએ સ્પષ્ટ કહ્યું છે કે, વિધાનસભા ચૂંટણી વિશે તેમને ભાજપનો પ્રસ્તાવ મંજૂર નથી. ગઠબંધન સમયે નક્કી થયું હતું કે, જે પાર્ટીના વધારે ધારાસભ્ય હશે મુખ્યમંત્રી તેમના જ બનશે. તેમણે કહ્યું કે, હું શિવસેનાનો જ મુખ્યમંત્રી જોવા માંગુ છું અને તે માટે હું શક્ય હશે તેટલી મહેનત કરીશ. તેમણે કહ્યું કે, સમજૂતીમાં તો હું જીતી ગયો છું હવે ચૂંટણી જીતીને અસલ લડાઈ જીતવાની છે.

ફ્રાન્સ-બ્રિટન-અમેરિકા સંયુક્ત રાષ્ટ્રમાં મસૂદ અઝહર પર પ્રતિબંધનો પ્રસ્તાવ લાવશે

વોશિંગ્ટન

પાકિસ્તાન સામે ભારતને મોટી કૂટનૈતિક સફળતા મળી છે. વિશ્વના ત્રણ સૌથી શક્તિશાળી દેશ અમેરિકા, બ્રિટન અને ફ્રાન્સ આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદના વડા મસૂદ અઝહર પર પ્રતિબંધ મૂકવા માટે ફરી એક વખત સંયુક્ત રાષ્ટ્ર (યુએન)માં પ્રસ્તાવ લાવશે.

પુલવામા આતંકી હુમલા બાદ ભારતે પાકિસ્તાન પર ચોતરફથી દબાણ ઊભું કર્યું છે. હુમલા બાદ અનેક દેશો ભારતના સમર્થનમાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, જમ્મુ-કાશ્મીરના પુલવામામાં સીઆરપીએફના કાફલા પર કરવામાં આવેલા આત્મઘાતી હુમલાની જવાબદારી પાકિસ્તાન સ્થિત આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદે લીધી છે. જૈશનો વડો મસૂદ અઝહર ઘણા લાંબા સમયથી પાકિસ્તાનમાં છુપાઈને બેઠો છે.

આ ઉપરાંત ભારતે પાકિસ્તાનના અર્થતંત્ર પર મોટો વાર કરવાની તૈયારી પણ કરી લીધી છે. ભારત અને ફ્રાન્સ ફાયનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ (એફએટીએફ)ની બેઠકમાં પાકિસ્તાનને 'ગ્રે લિસ્ટ'માં યથાવત્ રાખવાની માગણી કરશે. આ સપ્તાહમાં યોજાનારી બેઠકમાં ફ્રાન્સ પાકિસ્તાનના અર્થતંત્ર પર જનોઈવઢ ઘા કરવા તૈયાર છે. ભારતે પણ એફએટીએફને આતંકી હુમલામાં પાકિસ્તાનની સંડોવણી સંદર્ભે ડોઝિયર સોંપવાની પૂરી તૈયારી કરી લીધી છે. આ ડોઝિયરમાં જણાવાયું છે કે, પુલવામામાં થયેલા આતંકી હુમલાનું ષડ્યંત્ર પાકિસ્તાનમાં જ રચવામાં આવ્યું હતું.

પુલવામા હુમલાના છ દિવસ બાદ મૌન તોડીને પાકિસ્તાનના પીએમ ઈમરાનખાને ભારત પાસે પુરાવા માગ્યા હતા. ઈમરાને આ કાયરતાપૂર્ણ હુમલાની નિંદા સુદ્ધાં કરી ન હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, આગામી થોડા દિવસમાં જ ફ્રાન્સ સંયુક્ત રાષ્ટ્રમાં મસૂદ અઝહર પર પ્રતિબંધ મૂકવાનો પ્રસ્તાવ લાવશે. ફ્રાન્સ યુએનમાં આવા કોઈ પ્રસ્તાવ માટે પક્ષ બને તેવો આ બીજો પ્રસંગ હશે.

ફ્રાન્સના આ નિર્ણય અંગે ફ્રાન્સના રાષ્ટ્રપતિના કૂટનૈતિક સલાહકાર ફિલિપ એતિન અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (એનએસએ) અજિત ડોભાલ વચ્ચે વાતચીત થઈ હતી. આ દરમિયાન પુલાવામા હુમલા અંગે સંવેદના વ્યક્ત કરીને ફ્રાન્સના કુટનૈતિજ્ઞે બંને દેશોએ સાથે મળીને આતંક સામે લડવાની વાત પર ભાર મૂક્યો હતો. ફ્રાન્સના આ પ્રસ્તાવને અમેરિકા અને બ્રિટને પણ સમર્થન આપવાનો નિર્ણય કર્યો છે.

પાકિસ્તાને મસૂદ અઝહર અને હાફિઝ સઈદને કર્યા એલર્ટ, કહ્યુંઃ થોડા દિવસ છુપાઈ જાવ

લાહોર

પુલવામા હુમલા બાદ પાકિસ્તાન સામે વધી રહેલા આંતરરાષ્ટ્રીય દબાણને જોતાં પાકિસ્તાને આતંકી આકાઓને છુપાઈ જવાની સલાહ આપી છે. આતંકી સંગઠનના આકા મસૂદ અઝહર અને હાફિઝ સઈદને હાલમાં કેટલાક દિવસો છુપાઈ જવા પાકિસ્તાને કહ્યું હોવાનું સામે આવ્યું છે, સુત્રોનું કહેવું છે કે પાકિસ્તાની સેનાએ મસૂદ અઝહર અને હાઉઝિ સઈદને અલર્ટ કરવામાં આવ્યા છે અને કહેવામાં આવ્યું છે કે હાલમાં તેઓ જાહેર સ્થળોએ આવવાથી બચે. બની શકે તો જાહેર સભાઓથી દૂર રહે. તમને જણાવીએ કે મસૂદ અઝહર આતંકવાદી સંગઠન જૈશ એ મોહમ્મદનો વડો છે અને આ સંગઠનના જ આતંકીઓએ પુલવામા હુમલાને અંજામ આપ્યો હતો. જ્યારે હાફિઝ સઈદ આતંકી સંગઠન જમાત ઉદ દાવાનો વડો છે. મુંબઈ ૨૬/૧૧ હુમલાનો મુખ્ય આરોપી છે.

મંગળવારે ભારતીય સેનાએ આરોપ લગાવ્યો હતો કે પાકિસ્તાની સેના અને પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઇએસઆઇ તરફથી જ આતંકીઓને આરડીએક્સ પુરો પાડવામાં આવ્યો હતો. પાકિસ્તાની સેનાની મદદથી જ આ વિસ્ફોટકો ભારત લાવવામાં આવ્યા હતા.

સેનાના વરિષ્ઠ અધિકારીએ મંગળવારે કહ્યું કે, પુલવામા હુમલામાં કાર દ્વારા જે રીતે અંજામ આપવામાં આવ્યો એ જોતાં પાકિસ્તાની સેના અને એની ગુપ્તચર એજન્સી આઇએસઆઇનો હાથ હોવાનું સ્પષ્ટ માની શકાય એમ છે. પુલવામા હુમલા બાદ એ વિસ્તારમાં ભારતીય સેના દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે પરંતુ આ વિસ્તારના કેટલાક લોકો આતંકીને સાથ આપતા હોય એ રીતે સેના પર પથ્થરમારો કરી રહ્યા છે જેને પગલે સેના દ્વારા આ વિસ્તારની માતાઓને પણ અપીલ કરવામાં આવી હતી કે તમારા બાળકોને સમજાવો, આતંકીઓ સામેની કાર્યવાહીમાં દેશ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓને ઠાર કરાશે.

કિર્તી આઝાદે કર્યો ચોંકાવનારો ખુલાસો, સાંસદ બનવા 'લૂંટ' મચાવી હતી

દરભંગા

ભારતીય જનતા પાર્ટી સાથે છેડો ફાડીને કોંગ્રેસ પાર્ટી જોઈન કરીને પહેલીવાર દરભંગા પહોંચેલા સાંસદ કિર્તી આઝાદનું કોંગ્રેસના કાર્યકર્તાઓએ ઉમળકાભેર સ્વાગત કર્યું. સ્વાગત કાર્યક્રમ દરમિયાન અફરાતફરીની સ્થિતિ ઊભી થઈ હતી. સભા સ્થળ પર બનાવેલો મંચ પણ તૂટી ગયો હતો. આ દરમિયાન બિહારના કોંગ્રેસ અધ્યક્ષ મદન મોહન ઝા પણ ત્યાં હાજર હતાં. મંચ તૂટતા તમામ નેતાઓ અને કાર્યકરો જમીન પર પડ્યા હતાં. રાહતની વાત એ હતી કે તેમાં કોઈ પણ નેતાને વધુ ઈજા થઈ નહતી.

સ્વાગત કાર્યક્રમ દરમિયાન પોતાની નવી નવેલી પાર્ટીના કાર્યકરોને સંબોધતા કિર્તી આઝાદે કંઈક એવું કહ્યું કે લોકો થોડીવાર માટે તો વિચારમાં પડી ગયાં. તેમણે પત્ની પૂનમ આઝાદને કોંગ્રેસી પરિવારની પુત્રી ગણાવતા કહ્યું કે તે દોરમાં નાગેન્દ્ર બાબા (નાગેન્દ્ર ઝા) અને ડો.સાહેબ (જગન્નાથ મિશ્રા) માટે બૂથ લૂંટતા હતાં. તે સમયે તો લૂંટ મચાવવામાં આવતી હતી, પરંતુ આજના સમયમાં કોઈ ગડબડી નથી. મારા પિતા ભાગવત ઝા આઝાદ માટે પણ બૂથ લૂંટાતું હતું. ૧૯૯૯માં મારા માટે પણ બૂથ લૂંટાયું હતું. તે સમયે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ) નહતાં.

આ અગાઉ દરભંગા પહોંચેલા કોંગ્રેસી કાર્યકરોએ કિર્તી આઝાદનું જોરદાર સ્વાગત કર્યું. રોડ શો દરમિયાન તેમની સાથે મદન મોહન ઝા પણ હતાં. રોડ શો બાદ તેઓ દરભંગા સ્થિત કોંગ્રેસ કાર્યાલય પહોંચ્યાં જ્યાં તેમણે કોંગ્રેસના કાર્યકર્તાઓને સંબોધન કર્યું. આ દરમિયાન તેમણે કહ્યું કે આ અમારી વાપસી છે. તેમણે પોતાને જન્મથી કોંગ્રેસી ગણાવ્યાં. આ સાથે જ તેમણે ભાજપને સૌથી મોટી સાંપ્રદાયિક પાર્ટી ગણાવી.

સુપ્રસિદ્ધ હિન્દી સાહિત્યકાર નામવર સિંહનું ૯૨ વર્ષે નિધન

ન્યુ દિલ્હી

હિન્દી સાહિત્યના પ્રસિદ્ધ લેખક અને મહાન વિવેચક એવા નામવર સિંહનું ૯૨ વર્ષની વયે નિધન થયું છે. નામવર સિંહ ઘણા લાંબા સમયથી બીમાર હોવાનું તેમના પરિવારજનોએ જણાવ્યું હતું. તેમની નાદુરસ્ત તબિયતને પગલે તેમને દિલ્હી એઈમ્સમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં તેમણે છેલ્લા શ્વાસ લીધા હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું.

સિંહની અંતિમક્રિયા બુધવારે ૩ કલાકે લોધી રોડ સ્મશાનગૃહ ખાતે યોજાયો. સાહિત્યકારના નિધન પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ શોક વ્યક્ત કર્યો હતો અને તેમને હિન્દી સાહિત્યના દિગજ્જ લેખક ગણાવ્યા હતા. સાહિત્યિક ટિકા દ્વારા તેમણે સાહિત્યને એક નવી દિશા આપી હતી તેમ પીએમે જણાવ્યું હતું.

નામવર સિંહનો જન્મ ૨૮ જુલાઈ ૧૯૨૬ના વારાણસી ગામના જિયાનપુર (હવે ચંદૌલીમાં) થયો હતો. સિંહે બનારસ હિન્દુ યુનિવર્સિટીમાંથી હિન્દીમાં એમએ અને બાદમાં પીએચડી કર્યું હતું.

શરદ પવારે લોકસભાની ચૂંટણી લડવાની જાહેરાત કરી

ન્યુ દિલ્હી

એનસીપીના પ્રમુખ શરદ પવારે ચૂંટણી લડવા મુદ્દે યૂ-ટર્ન લેતા જાહેરાત કરી હતી કે તેઓ આગામી લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવશે, તેઓ મહારાષ્ટ્રના સોલાપુરની માઢા બેઠક પરથી ચૂંટણીમાં ઝંપલાવી શકે છે. જોકે તેમના ભત્રીજા અને પરિવારના અન્ય સભ્ય આ વખતે ચૂંટણી નહીં લડે. એનસીપી અધ્યક્ષે કહ્યું કે અજિત પવાર, પાર્થ પવાર અને રોહિત પવાર લોકસભાની ચૂંટણી નહીં લડે. શરદ પવારના ભત્રીજા અજિત પવાર હાલ મહારાષ્ટ્ર વિધાનસભાના સભ્ય છે. શરદ પવારે તેમના પૌત્ર રોહિત પવારની ચૂંટણી લડવાની અફવાનું પણ ખંડન કર્યું. થોડા દિવસ પહેલા લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને મહારાષ્ટ્રની બેઠકોની સમીક્ષા કરવા માટે પવારે પાર્ટીના નેતાઓની બેઠક બોલાવી હતી. આ દરમિયાન પવારે કહ્યું હતું કે સોલાપુરના માઢા લોકસભા ક્ષેત્રના એનસીપી સાંસદ વિજયસિંહ મોહિતે પાટિલે તેમને ચૂંટણી લડવાનો આગ્રહ કર્યો છે. ઉલ્લેખનીય છે કે શરદ પવારે અગાઉ લોકસભાની ચૂંટણી નહીં લડવાની જાહેરાત કરી હતી.

વ્યારામાં આજે ચૌધરી ભાષાના વ્યાકરણ ગ્રંથનું વિમોચન

રેમન્ડ ચૌહાણ લિખિત ગ્રંથનું રાજ્યપાલ કોહલી વિમોચન કરશે

વ્યારા

આગામી તા. ૨૧મી, ફેબ્રુઆરીના રોજ સવારે ૧૧:૦૦ કલાકે તાપી જિલ્લાના વડામથક વ્યારા ખાતે આવેલી દક્ષિણાપથ વિવિધલક્ષી વિદ્યાલય ખાતે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણીના ઉપલક્ષમાં રાજયના મહામહિમ રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીના હસ્તે રેમન્ડ ચૌહાણ લિખિત ચૌધરી ભાષાના વ્યાકરણ ગ્રંથનું વિમોચન કરવામાં આવશે.

દર વર્ષે તા. ૨૧મી, ફેબ્રુઆરીના રોજ વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવે છે. તાપી જિલ્લાના વડામથક વ્યારા ખાતે આવેલી દક્ષિણાપથ વિવિધલક્ષી વિદ્યાલય ખાતે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણીના ઉપલક્ષમાં રાજયના મહામહિમ રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીના હસ્તે ચૌધરી ભાષાના વ્યાકરણ ગ્રંથનું વિમોચન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટીના ઉપકુલપતિ ડૉ. શિવેન્દ્ર ગુમા પણ ઉપસ્થિત રહેશે.

સંયુકત રાષ્ટ્ર સંઘ દ્વારા ૨૦૧૯ના વર્ષને વિશ્વ આદિવાસી ભાષા વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું છે. ગુજરાતમાં આદિવાસી ભાષા ક્ષેત્રેસંશોધન, જતન તેમજ સંવર્ધનનું કામ કરતી સંસ્થા આદિવાસી સાહિત્ય અકાદમી, ગુજરાત દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આદિવાસી સમાજની મુળભુત ભાષાઓનું અસ્તિત્વ જળવાઇ રહે એ માટે કાર્યરત આ સંસ્થા દ્વારા આયોજીત આ કાર્યક્રમ દરમિયાન મહામહિમ રાજયપાલ દ્વારા આ પુસ્તકનું વિમોચન કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ પુસ્તકના લેખક રેમન્ડ ચૌહાણ અગાઉ ગામીત ભાષાના વ્યાકરણ ગ્રંથ, ડાંગી ભાષાના વ્યાકરણ ગ્રંથ તેમજ વસાવા ભાષાના વ્યાકરણ ગ્રંથ પણ લખી ચૂકયા છે. આદિવાસી સાહિત્ય અકાદમી, ગુજરાત દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આદિવાસી સાહિત્ય અકાદમીના પ્રમુખ તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

કતારગામ લેક ગાર્ડન ખાતે વિના મૂલ્યે એરોબિક્સ તાલીમ

સુરત

સુરત મહાનગરપાલિકા સંચાલિત કતારગામ કાસાનગર ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી લેક ગાર્ડનમાં આવનાર દરેક સભ્યોને કાબેલિયત શિક્ષક ડૉ. મહેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ છેલ્લા કેટલાક વખતથી વિનામૂલ્યે એરોબિક્સ તાલીમ સવારે ૫.૩૦ થી ૬.૩૦ વાગ્યે આપવામાં આવે છે. તેમાં સારી સફળતા મળી છે.

તો અહીંના સામાજિક કાર્યકર લેખક તથા પત્રકાર તરીકે મહેશ ડોક્ટરની એક જ વિનંતી કે ખૂબ ખૂબ મોટી સંખ્યામાં આનો લાભ લેવો જોઈએ. આપણે શરીરને સાચવશુ તો શરીર આપણને સાચવશે.

બારડોલી આર.ટી.ઓ. દ્વારા મોટર કારની નવી સિરીઝની ઈ-હરાજી થશે

બારડોલી આર.ટી.ઓ. દ્વારા મોટર કારની નવી સિરીઝ જી.જે.૧૯ બી.એ ની ઈ-હરાજી શરૂ કરવામાં આવનાર છે. જેમાં ૨૫ થે ૨૭ ફેબ્રુઆરી દરમિયાન રજિસ્ટ્રેશન અને ૨૮ ફેબ્રુ.થી ૦૨ માર્ચ ઓનલાઈન અરજી કરવાની તારીખ રહેશે. જેનો વાહનચાલકોએ લાભ લેવા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, બારડોલીની યાદીમાં જણાવાયું છે.

વરાછાથી પ્રિન્સકુમાર શાહ લાપતા

પોલિસ કમિશનર કચેરી, ડી.સી.બી. પોલિસના જણાવ્યાં અનુસાર તા.૦૬/૦૨/૨૦૧૯ના રોજ એ/૩૪, પટેલનગર, વરાછા ખાતે રહેતા ૧૯ વર્ષીય પ્રિન્સકુમાર જયકિશન શાહ ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉં વર્ણ અને ઊંચાઈ ૫.૫ ફૂટ છે. તેમણે શરીરે કેસરી કલરની ટી-શર્ટ તથા જીન્સ પેન્ટ પહેરલ છે.

ખટોદરાના અહેમદખાન પઠાણની હજુ પણ ભાળ નહીં

પોલિસ કમિશનર કચેરી, ડી.સી.બી. પોલિસના જણાવ્યાં અનુસાર તા.૦૮/૦૨/૨૦૧૯ ના રોજ મસ્તાનનગર, દિવ્ય ભાસ્કરની બાજુમાં, (મકસુદભાઈના મકાનમાં ભાડેથી રહેતા) ઉધના ખાતે રહેતા ૪૦ વર્ષીય અહેમદખાન મહેબુબખાન પઠાણ ગુમ થયા છે. તેઓ શરીરે પાતાળા બાંધાના, રંગે શ્યામ વર્ણ અને ઊંચાઈ ૫.૩ ફૂટ છે. તેમણે શરીરે ગ્રે કલરની હાફ ટી-શર્ટ તથા કાળા કલરની નાઈટ પેન્ટ પહેરલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલિસ સ્ટેશન અથવા ખટોદરા પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

લીંબાયતની ખુશ્બુકુમારી મંગલ રહસ્યમય ગુમ

પોલિસ કમિશનર કચેરી, ડી.સી.બી.પોલિસના જણાવ્યાં અનુસાર તા.૦૫/૦૨/૨૦૧૯ ના રોજ બિલ્ડીગ નં-૧૫, માનસરોવર આવાસ, ગોડાદરા, લિંબાયત ખાતે રહેતા ૧૪ વર્ષીય ખુશ્બુકુમારી શ્રીજગન્નાથ મંડલ ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાધાના, રંગે ઘઉંવર્ણ અને ઊંચાઈ ૪.૧ ફૂટ છે. તેમણે શરીરે બ્લ્યુ ટોપ તથા લેન્ગીઝ પહેરલ છે.

પર્વત પાટીયાથી રૂચિબેન ભાવસાર લાપતા

પોલિસ કમિશનર કચેરી, ડી.સી.બી.પોલિસના જણાવ્યાં અનુસાર તા.૦૬/૦૨/૨૦૧૯ ના રોજ ૯૪, સાઈ આશિષ સોસાયટી, પર્વત પાટીયા ખાતે રહેતા ૧૮ વર્ષીય રૂચિબેન અજયભાઈ ભાવસાર ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાધાના, રંગે શ્યામવર્ણ અને ઊંચાઈ ૫.૦ ફૂટ છે. તેમણે શરીરે વાદળી કલરનો શર્ટ તથા કાળા કલરની પેન્ટ પહેરલ છે.

અંકલેશ્વરની ઓરિએન્ટલ બેંક ઓફ કોમર્સના ૭૭ વર્ષની ઉજવણી

અંકલેશ્વર ખાતેની ઓરિએન્ટલ બેંક ઓફ કોમર્સની શાખામાં બેંકને ૭૭ વર્ષ પૂર્ણ થતાં એની ઉજવણી કરાઈ હતી. ઓરિએન્ટલ બેંક ઓપ કોમર્સની અંકલેશ્વર શાખામાં આ ઉજવણી નિમિત્તે બેંકના સૌપ્રથમ ખાતેદાર જે.જે. શુકલાના હસ્તે કેક કાપીને ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે બેંક મેનેજર તથા સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા અને ૭૭માં વર્ષની ઉજવણીની શુભેચ્છાઓ પરસ્પર પાઠવી હતી.

નિલોશીથી સુરેખાબેન કહ્યા વગર ક્યાંક જતા રહ્યા

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના નિલોશી-સાવરમાળ ફળિયા ખાતે રહેતી સુરેખાબેન ઉર્ફે દિપીકાબેન માવજીભાઇ ધનગરા તા.૧૪/૧/૧૯ના રોજ સાડા દસ વાગ્યાની આસપાસ દરજીને ત્યાં જાઉં છું કહીને ગયા બાદ આજદિન સુધી ઘરે પરત આવી નથી. ગુમ થનારની ઉંમર ૨૦ વર્ષ છે.

બસ સળગાવવાના કેસમાં બે વર્ષથી ફરાર નિખિલી સવાણીએ આત્મસમર્પણ કર્યુ

બે વર્ષ અગાઉ પાટીદાર અનામત આંદોલન સમયે સરથાણા વિસ્તારમાં બસ સળગાવવાના કેસમાં પોલીસ ચોપડે બે વર્ષથી ફરાર બતાવાતા નિખિલ સવાણીએ કોર્ટમાં આત્મસમર્પણ કર્યું છે. નિખિલે જણાવ્યું હતું કે, બે વર્ષથી પોલીસ ચોપડે તેને ફરાર બતાવવામાં આવતો હતો. આંદોલન દરમિયાન થયેલા જુદા જુદા કેસમાં પોલીસ તપાસના નામે વારંવાર બોલાવીને માનસીક હેરાન કરવામાં આવી રહ્યો હોવાની તેણે રજૂઆરત કરી હતી. મહત્વપૂર્ણ છે કે, નિખિલ સવાણી આંદોલન દરમિયાન પાસનો કન્વીનર હતો અને ભાજપમાં પણ જોડાયા બાદ રાજીનામું પણ આપી ફરી પાસમાં સક્રિય થયો હતો.



આજથી સુરત મનપાએ પાર્કિંગ પોલિસીનો અમલ શરૂ કરી દીધો છે. રિંગ રોડ ખાતે પાર્કિંગ પોલિસીનો કડક અમલ થઈ રહ્યું હોવાનું તસ્વિરમાં જોવા મળે છે.

આજથી શહેરમાં પાર્કિંગ પોલિસીના કડક અમલ સાથે નો-પાર્કિંગમાં દંડની વસૂલાત શરૂ

શરૂઆતની દસથી પંદર મિનિટ સુધી પાર્કિંગ ફ્રી રાખવા અંગે નિર્ણય લેવાની સંભાવના

સુરત

સુરત મહાનગરપાલિકા દ્વારા ગત ૧૯મી જાન્યુઆરીથી શહેરમાં એક માસ માટે પાર્કિંગ પોલિસીનો પ્રાયોગિક ધોરણે અમભલીકરણ બાદ આજથી ઓન સ્ટ્રીટ પાર્કિંગ ચાર્જીસનો અમભલ શરૂ કર્યા છે. શહેરના દરેક ઝોનમાં બે-બે મુખ્ય રસ્તાઓ પર આજથી પાર્કિંગ માટે વાહન ચાલકોને ચાર્જ ચૂકવવાની ફરજ પડી છે.

પાર્કિંગપોલિસી અને બાયલોઝનું અમલ કરનાર દેશમાં સુરત મહાનગરપાલિકા પ્રથમ છે. સુરત મહાનગરપાલિકા કમિશનર એમ. થેન્નારસન દ્વારા તૈયાર કરેલ પાર્કિંગ પોલિસીને મહાનગર પાલિકાના શાસકો દ્વારા મંજૂર કરી રાજ્ય સરકાર પાસેથી મંજૂરી મેળવી લીધી હતી. પાલિકા દ્વારા પર્કિંગ પોલિસી અંગેની જાણકારી શહેરીજનોને મળે તે માટે એક માસ સુધી શહેરમાં પ્રાયોગિક ધોરણે અમલવારી શરૂ કરી હતી. ગત ૧૯મી જાન્યુઆરીથી ૧૯મી ફેબ્રુઆરી સુધી શહેરના વિવિધ રસ્તાઓ પર પીળાપટ્ટા અને સફેદ પટ્ટા પાડીનેશ હેરીજનોને પાર્કિંગ પોલિસી અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. આજે ૨૦મી ફેબ્રુઆરીથી પાલિકાએ પાર્કિંગ પોલિસીનો અમલ શરૂક રતા સવારથી જ શહેરના વિવિધ રસ્તાઓ પર માર્શલ ગોઠવી દીધા હતા. શહેરીજનોને શહેરમાં સૂચવેલ રસ્તાઓ પર વાહન પાર્ક કરવા માટે હવે ચાર્જ ચૂકવવો પડશે. શરૂઆતના ૩ કલાક માટે ટુ વ્હીલરનો ચાર્જ ૧૦ રૂપિયા, થ્રી વ્હીલર નો ચાર્જ ૧૫ રૂપિયા અને ફોર વ્હીલ કાર માટેનો ચાર્જ ૨૦ રૂપિયા રાખવામાં આવ્યો છે. આજે સવારથી શહેરમાં પાર્કિંગ પોલિસીનો અમલ શરૂ કરવામાં આવ્યો છે. ગત એક માસ દરમિયાન પ્રાયોગિક ધોરણે પાર્કિંગ પોલિસીના અમલવારી દરમિયાન કેટલાક સૂચનો પાલિકાને મળ્યા છે. શરૂઆતના સદસથી પંદર મિનિટ માટે પાર્કિંગ ફ્રી હોવી જોઈએ તેવી માગ કરવામાં આવી છે. શરૂઆતના સમયે પાર્કિંગ ફ્રી રાખવી કે નહીં તે અંગે આજે મેયર, ડેપ્યુટી મેયર, સ્થાયી અધ્યક્ષ કમિશનર સામે બેઠક કરી જરૂરી ચર્ચા કરશે.

દક્ષિણ ગુજરાતમાંથી ઠંડીનો ચમકારો ઓછો થતા ગરમીમાં વધારો

નવસારીમાં ૧૧, વલસાડમાં ૧૩ અને સુરતમાં ૧૬ ડિગ્રી ન્યુનત્તમ તાપમાન

સુરત

સમગ્ર દીક્ષણ ગુજરાતમાં ગત રોજની સરખામણીએ આજે તાપમાનમાં એકથી બે ડિગ્રીનો વધારો થવાની સાથે ઠંડીનો ચમકારો ઓછો થતા ગરમીમાં વધારો નોંધાયો છે. હવામાન વિભાગના સૂત્રો દ્વારા વધુમાં મળતી માહિતી મુજબ આગામી સપ્તાહથી ગરમી વધે તેવી શક્યતા છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૩ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૬.૬ ડિગરી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૯ ટકા અને હોવાનું દબાણ ૧૦૧૪.૩ મીલીબાર નોંધાયું છે. શહેરમાં ગતરોજની સરખામણીએ આજે તાપમાનમાં એક ડિગ્રી સુધીનો વધારો નોંધાયો છે. નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું ન્યુનત્તમ તાપમાન ૧૨ ડિગ્રી નોંધાયું છે જે ગતરોજ ૧૧ ડિગ્રી નોંધાયું હતું. વલસાડ હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું ન્યુનત્તમ તાપમાન ૧૩.૬ ડિગ્રી નોંધાયું છે જે ગતરોજ ૧૨ ડિગ્રી નોંધાયું હતું. આમ સમગ્ર દક્ષિણ ગુજરાતમાં તાપમાન વધતા રાત્રિના સમયે ઠંડીનો ચમકારો ઘટી રહ્યો છે. અને દિસ દરમિયાન ગરમીનો પારો ચડી રહ્યો છે.

લીંબાયતમાં યુવકને ચપ્પુના ઘા મારી હત્યાની કોશિષ

ત્રણ જણાં વિરુદ્ધ પોલીસ ફરિયાદ થઈ

સુરત

લીંબાયત સંજયનગર વિસ્તારમાં ઝઘડાની અદાવતમાં એક યુવકની ચપ્પુના ઘા ઝીંકી હત્યાની કોશિષનો બનાવ પોલીસ દફ્તરે નોંધાયો હતો.

લીંબાયત પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ નીલગીરી ગણેશનગર-૧માં રહેતા પ્રકાશ તારાચંદ ડિવરેએ આરોપી સંદીપ ચોટલા અને બે અજાણ્યા વ્યકિત વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદીના દીકરા શુભમ સાથે આરોપી સંદીપનો ઝઘડો થયો હતો. જેની અદાવત રાખી આરોપીઓએ શ્રીરામ ચોક પાસે શુભમને આંતરીને માર મારી તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી ગયા હતા. બનાવ અંગે લીંબાયત પોલીસે હત્યાની કોશિષનો ગુનો દર્જ કરી તપાસ હાથ ધરી છે. આમ લીંબાયતમાં યુવકને ચપ્પુના ઘા મારી હત્યાની કોશિષનો બનાવ લીંબાયત વિસ્તારમાં બનવા પામ્યો હોવાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે.



પીપલોદ ખાતે લાલભાઈ કોન્ટ્રાક્ટ સ્ટેડિયમ ખાતે શરૂ થનારી ક્રિકેટ મેચની પ્રેક્ટિસ કરતા ખેલાડીઓ તસવીરમાં નજરે પડે છે.

કડોદરાના ગણેશલક્ષ્મી પ્રોસેસરના અનિલ પાંડે સામે ફરિયાદ

ડીંડોલીની સગીર વયની યુવતીને નોકરીને લાલચ આપી અડપલા કર્યા

સુરત

સગીરવયની યુવતીને નોકરી અપાવવાને લાલચ આપીક ડ્રેદરાના મિલ માલિક કારમાં બેસાડી લઈ જઈ કેફી પીણુ પીવડાવી શારીરિક અડપલા કર્યા હોવાની ઘટના ડીંડોલી પોલીસ મથકે નોંધાઈ હતી. ડીંડોલી પોલી સૂત્રોના જણાવ્યા મુજબ કડોદરા ગણેશ લક્ષ્મી પ્રોસેસર પ્રા.લિ.ના અનિલ પાંડેએ ફરિયાદી સગીર વયની યુવતીને નોકરી અપાવવાની લાલચ આપી કારમાં બેસાડી ફરવા લઈ ગયો હતો. જ્યાં આરોપી અનિલ પાંડે એ ફરિયાદી પીડિતાને કોઈ કેફી પીણુ પીવડાવી તેણીની સાથે શારીરિક અડપલા કર્યા હતા અને આ બાબતે કોઈને કહેશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે ડીંડોલી પોલીસે પોસ્કો એકટ અન્વયે ગુનો દાખલ કરી પો.ઈ. બી.એમ. પાટીદારે તપાસ હાથ ધરી છે.

પુલવામામાં વીર જવાનોની શહાદત સંદર્ભે ધરમપુરની વનરાજ કોલેજનો વાર્ષિકોત્સવ મોકૂફ

પુલવામાં હુમલાના ભોગ બનેલા વીર જવાનોની શહદાતના સંદર્ભે વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધરમપુર ખાતે કેમ્પસ ડાયરેકટર દિનેશ સિંહ દોડીયાના અધ્યક્ષસ્થાને વિદ્યાર્થીસંઘની મળેલી બેઠકમાં કોલેજનો વાર્ષિકોત્સવ મોકૂફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ બેઠકમાં કોલેજના આચાર્ય ડૉ. વી. ડી. પટેલે વીર જવાનોની શહદાતના માનમાં, સાંસ્કૃતિક સમિતિ માટે ફાળવેલા બજેટમાંથી થયેલા ખર્ચ બાદ વધેલા નાણાંનો કરકસર પૂર્વક ઉપયોગ કરવાની ફોર્મ્યુલા રજુ કરી વાર્ષિકોત્સવ આંતરિક પરિક્ષા બાદ સાદગીપૂર્ણ રીતે યોજવા અને બચત થયેલા નાણાં આર્મીફંડમાં જમા કરાવા જણાવ્યું હતું. આખું વર્ષ વાર્ષિકોત્સવની રાહ જોતા વિદ્યાર્થી કલાકારોને પ્રોત્સાહન આપવા તથા તેજસ્વી તારલાઓનું સન્માન કરી તેમાંથી વિદ્યાર્થીઓને પ્રેરણા સમારંભ સાદગીપૂર્ણ યોજવાની સાથે સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ ડૉ. પારૂલબેન દેસાઈને ખર્ચમાં શક્ય તેટલી બચત કરવાની જવાબદારી પણ સોંપવામાં આવી હતી.

તા.૨૨મીએ વલસાડમાં ઘરેલુ હિંસા અધિનિયમ અંતર્ગત સેમિનાર

વલસાડ જિલ્લાના તમામ ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં ઘરેલુ હિંસાના બનાવો બનતા અટકે, લોકોમાં જાગૃતિ આવે અને કાયદાની જાગૃતિ લોકો સુધી પહોંચે તે હેતુસર તા.૨૨/૨/૧૯ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન, વલસાડ ખાતે ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫ હેઠળ સેમિનારનું આયોજન કરાયું છે. આ સેમિનારનો સંબંધિતોને લાભ લેવા વલસાડના દહેજ પ્રતિબંધક અધિકારી દ્વારા જણાવાયું હતું.

વડોદરાના કયા જાણીતા મોલમાં ગ્રાહકો છેતરાયા...

બરોડા ડી માર્ટ મોલમાં વજનમાં ગ્રાહકો છેતરાતા હોવાની ફરિયાદ





સસ્તું મેળવવાની લાલચમાં મોલમાં જતા ગ્રાહકો એ ચેતવા જેવો વીડિઓ, શું દરેક મોલમાં આવી ગોલમાલ થતી હશે...?!

વહીવટી તંત્ર હમા ખાવામાં મસ્ત હોય ત્યારે ગ્રાહકો છેતરાય એ સ્વાભાવિક છે ત્યારે લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે એ વાત પણ સાચીજ છે .

વડોદરા ડી માર્ટ મા અમે વજન કૌભાંડ ખુલલુ પાડયુ છે.મિત્રો તમે ડી માટેં મા સસ્તું મલશે એમ કહી જાવ છો ત્યારે મિત્રો આ વિડીયો અમે લીધો અને બધા વજન કાટા પર ડી માટેંના તૈયાર પેકેટ વજન કર્યા તમામ વજન કાટા પર અલગ વજન દરેક મા ઓછુ વજન ત્યાંના ગાહકો આ જોતા ચોકી ઊઠયા....શુ આવુ દરેક ડી માટેંમા થાય છે...?! કયારે જનતા જાગશે...? વડોદરા ફતેગંજમા આ બન્યું છે આમા રોજ એક લાખ ગાહક આવે છે..ગણો કેટલા રુપિયાનો ફાયદો મોલના સંચાલકને...? રોજ કેટલા લોકો છેતરાય છે આ મોલમાં ...?

રાજપીપળામાં કન્યા છાત્રાલયના ખાતહૂર્તના કાર્યક્રમમાં સાંસદ મનસુખ વસાવાએ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોનો ઉધડો લીધો



આદિવાસી કન્યાઓનું છાત્રાલય બને છે, જો ગુણવત્તા વાળું કામ ના થયું તો ખેર નથી ....સાંસદ ,મનસુખ વસાવા

રાજપીપળા ખાતે ૭.૪૪ કરોડના ખર્ચે સરકારી કન્યા છાત્રાલયના મકાનનું ખાતમુહુર્ત કાર્યક્રમ યોજાયો

રાજપીપળા : રાજપીપલા ટેકરાફળિયા વિસ્તારમાં જૂની લેપ્રસી હોસ્પિટલની બાજુમાં ૩ માળની ૭.૪૪ કરોડના ખર્ચે સરકારી કન્યા છત્રલાય બનવા જઈ રહી છે ત્યારે આ મકાનનું ખાતમુહૂર્ત સાંસદ મનસુખ વસાવાના હસ્તે રાખવામાં આવ્યું હતું. જેમની સાથે પૂર્વ મંત્રી શબ્દશરણ તડવી, નગરપાલિકા પ્રમુખ જિગીષાબેન ભટ્ટ, જિલ્લા કલેક્ટર આઈ.કે. પટેલ, પ્રાયોજના વહિવટદાર આર.વી.બારીયા, ઘનશ્યામ પટેલ, ભારતીબેન તડવી વગેરે હાજર રહ્યા હતા. સવારે ૧૦.૩૦ કલાકે મનશુખ વસાવાએ ભૂમિપૂજન કરી ખાતમુહુર્તના સમારંભને દિપ પ્રાગટ્ય કરી ખુલ્લો મૂક્યો હતો.

રાજપીપળામાં ૧૯૮૧ થી ભાડાના મકાનમાં કન્યા છાત્રાલય હતું તે હવે ૩ માળના અદ્યતન સુવિધા સાથેનું સરકારી મકાન તૈયાર થશે. આ છાત્રાલય માટે જગ્યા ન મળતા સાંસદે પૂર્વ વન મંત્રી શબ્દશણ તડવી, આશ્રમશાળા અને તકેદારી અધિકારી એસ.એમ ગરાસિયાની મહેતનને કારણે આ મન્જુરી મળી હોવાની વાત જાહેરમાં કરી તેમને અભિનંદન આપ્યા હતા. જયારે આટલા મોટા કાર્યક્રમમાં મુખ્ય એજન્સીના કોન્ટ્રાક્ટર અને આર.એન્ડ બી ના આધિકારીઓની ગેરહાજરી જોઈ સાંસદ વિફર્યા હતા. અને સ્ટેજ પરથી બૂમ પાડીને પૂછ્યું કે આર.એન્ડ.બીના અધિકરીઓ ક્યાં છે...? મુખ્ય એજન્સી વાળા ક્યાં છે એમ કહી કોઈ હાજર ન હોય જે પેટા કોન્ટ્રાક્ટર અને નાયબ આધિકારી ઉભા થયા જેમનો જાહેરમાં ઉધડો લઈ પાડ્યો અને કહ્યું કે અમે બધા હાજર છે અને તેમને વળી શું કામ આવ્યું અમે અહીંયા ઘાસ કાપવા આવ્યા છે...? એમ કહી લેભાગુ લોકોને કામ સોંપ્યું છે તો ખેર નથી અને જો ગુણવત્તા વાળું કામ ના થયું તો લાતમારી તગેડી મુકીશ કહેતાજ સૌ સ્તબ્ધ થઈ ગયા હતા.

સાચા બોલા અને જાહેરમાં કહેવાની ટેવ થી જાણીતા મનસુખ વસાવા પારદર્શક વહીવટને માને છે ૧૯૮૧ થી તેઓ સરકાર સાથે આ કન્યા છાત્રાલય લાવવા માટે અનેક પ્રયત્નો કરતા રહ્યા આધિકારીઓ પણ દોડતા અને રોડા નાંખવા વાળા નેતાઓ રોડા નાખતા જેમને પણ જાહેરમાં ટકોર કરતા કહી દીધું કે કેટલકને તો આ નહિ ગમે એમ કહી સાંસદ રોષ વ્યક્ત કરી આ મકાનનું બાંધકામ એકદમ ઉત્તમ અને ગુણવત્તા વાળું બનાવવા ની ટકોર કરી હતી.

૭ ગુન્હાઓમાં નાસ્તો ફરતો આરોપી પકડી પડતી આર.આર.સેલ ભુજ પોલીસ



આજરોજ પોલીસ મહાનિરિક્ષક ડી.બી.વાઘેલા સરહદી રેન્જ ભુજ નાઓની સૂચના અને જી.એમ.હડિયા પો.સ.ઈ. આર.આર.સેલ ભુજ નાઓના સીધા માર્ગદર્શન હેઠળ એ.એસ.આઈ. અંબાલાલ તથા અ.હેડ.કોન્સ. વિપુલભાઈ એ રીતેના પોલીસ સ્ટાફના માણસો થરા ટાઉનમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન હકીકત મળેલ કે (૧) આડેસર પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૫૧૬૩/૧૮ પ્રોહી કલમ-૬૫એઈ, ૧૧૬(૨), ૮૧ (૨) ગાંધીધામ એ ડિવિઝન પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૫૩૮૫/૧૮ પ્રોહી કલમ-૬૫એઈ, ૧૧૬(૨), ૯૯, ૯૮(૨), ૮૧ (૩)ગાંધીધામ એ ડિવિઝન પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૫૩૯૬/૧૮ પ્રોહી કલમ-૬૫એઈ, ૧૧૬(૨), ૯૮(૨), ૮૧ (૪)ભચાઉ પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૫૨૨૪/૧૮ પ્રોહી કલમ-૬૫એઈ, ૧૧૬(૨), ૯૮(૨), ૮૧ (૫)રાપર પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૫૨૨૩/૧૮ પ્રોહી કલમ-૬૫એઈ, ૧૧૬(૨), ૯૮(૨), ૮૧ (૬)સામખીયારીપો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૫૧૭૮/૧૮ પ્રોહી કલમ-૬૫એઈ, ૧૧૬(૨), ૮૧ મુજબના ગુન્હાઓમાં નાસ્તો ફરતો આરોપી પુનાભાઈ ભાણાભાઈ ભરવાડ રહે.રાપર તકીયાવાસ તા.રાપર વાળો ફોર્ચ્યુનર ગાડીમાં આવી રહેલ છે.જે હકીકત આધારે વોચમાં રહી સદરી ઈસમને ફોર્ચ્યુનાર ગાડી તથા ૫ મોબાઈલ ફોન મળી કી. રૂ.૧૫,૦૮૦૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડેલ છે.

અંકલેશ્વરની બીઈઆઈએલને ગ્લોબલ સીએસઆર એવોર્ડ-૨૦૧૯ એનાયત

અંકલેશ્વર

અંકલેશ્વરની ભરૂચ એન્વાયરોમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ કંપની બીઈઆઈએલને નવી દિલ્હીની એનર્જ એન્ડ એન્વાયરોમેન્ટ ફાઉન્ડેશન તરફથી આઉટ સ્ટેન્ડિંગ અચિવમેન્ટ માટે ગ્લોબલ સીએસઆર એવોર્ડ - ૨૦૧૯ એનાયત થયો છે.

બીઈઆઈએલ કંપનીને સામાજિક પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર યોગદાન બદલ ગ્લોબલ સીએસઆર એવોર્ડ નવી દિલ્હી ખાતે એનાયત કરાયો હતો. જેને બીઈઆઈએલ વતી બી.એસ. દલવાડીએ સ્વીકાર્યો હતો. એનર્જી એન્ડ એન્વાયરોમેન્ટ ફાઉન્ડેશન જેવી પ્રતિષ્ઠિત સંસ્થા તરફથી બીઈઆઈએલને આ એવોર્ડ એનાયત થતા ઉદ્યોગ જગતમાં ખુશીની લહેર ફરી વળી છે. અનેક ઉદ્યોગોએ આ એવોર્ડ બદલ બીઈઆઈએલના મેનેજમેન્ટ તેમજ સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

કરંજ જીઆઈડીસીમાં લાયસન્સ વગર દવાખાનું ચલવાતો તબીબ ઝડપાયો

પોલીસે રૂા. ૪૦૧૯૭નો મુદ્દામાલ કબજે કર્યો

સુરત

સુરત જિલ્લા પોલીસે બોગસ તબીબોને ઝડપી પાડવાની ઝૂંબેશ શરૂ કરી છે. જેમાં કોસંબા બાદ માંડવી પોલીસે લાઈસન્સ વગર પેક્ટિકલ કરી લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા બોગસ તબીબને ઝડપી પાડયો છે.

જિલ્લા પોલીસ સૂબ્ત્રોના જણાવ્યા અનુસાર માંડવી પોલીસે કરંજ જીઆઈડીસી ખાતે પટેલ કોમ્પલેક્ષમાં આવેલા સદ્ગુરુ કીયા ક્લિનીકમાં ગઈકાલે રેઈડ કરી હતી રેઈડ દરમિયાન પોલીસે ગુજરાત મેડિકલ જનરલ પ્રેક્ટિસના લાયસન્સ વગર દવાખાનું ચલાવતા રમેશ સુરેશચંદ્ર બિસ્વાહ રહે. કરંજ જીઆઈડીસી, પટેલ કોમ્પલેક્ષ, મૂળ રહે. પશ્ચિમ બંગાળને ઝડપી પાડયો હતો. તેમજ કુલ રૂપિયા ૪૦,૧૯૭નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી.

આજથી અચોક્કસ મુદ્દત માટે એસટી બસ થંભાવી દેવાશે : કરોડો રૂપિયાનું નુકસાન થશે

મુસાફરોને નજીકના બસ સ્ટેશન પર ઉતારી વધારાનું ભાડું પરત કરવામાં આવશે : એસટી સંકલન સમિતિ

સુરત

સાતમા વેતન પંચનો અમલીકરણ નહીં કરવામાં આવતા સુરત સહિત રાજ્ય એસટી નિગમના ૪૫ હજાર કર્મચારીઓ આજે મધ્યરાત્રિથી હડતાળ પર જશે. જોકે, રસ્તામાં એસટી બસના મુસાફરોને નહીં ઉતારી નજીકના મોટા એસટી બસ ડેપોમાં ઉતારી દઈ વધારાનું લીધેલુ ભાડું પરત કરવામાં આવશે. જોકે, આજે બપોર સુધીમાં સરકાર તથા નિગમના કોઈ પ્રતિનિધિ તરફથી વાટાઘાટો માટે કોઈ આમંત્રણ-નિયંત્રણ મળ્યું નહીં હોવાનું સંકલન સીમતિના સતુભા, સુરત સુરત એસટી યુનિયના અગ્રણી કૌશલ દેસાઈ તથા રશીદ શેખે જણાવ્યું હતું. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં એસટી નિગમાં ૪૫ હજારથી વધુ કર્મચારીઓપોતાની ફરજ બજાવે છે. તેઓને છેલ્લા કેટલાય વર્ષથી ૭માં પગા પંચનો લાભ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવ્યોનથી. વારંવાર એસટી નિગમના વિવિધ યુનિયનો ભેગા થઈને રજૂઆતો કરી હોવા છતાં પણ રાજ્ય સરકારના બહેરા કાને અથડાઈને માગણીઓનો કોઈ ઉકેલ આવતો નથી. છેલ્લા બે દિવસમાં એસટી કર્મચારીઓ દ્વારા ધરણાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, પરંતુ તેમ છતાં પણ કોઈપણ માગણનો ઉકેલ ના આવતા આજે મધ્યરાત્રિથી સુરત સહિત સમગ્ર રાજ્યની ૮ હજાર એસટી બસોના પૈંડા થંભી જશે. જોકે, અનિશ્ચિત મુદ્દત ચાલનારી આ હડતાળમાં એસટી નિગમને રોજનું સાડાત્રણ કરોડનું નુકસાન થશે એવું પણ સંકલન સમિતિ દ્વારા જાણવા મળ્યું હતું.

નર્મદા જીલ્લામા ૧૫ વર્ષ થી સરીસૃપોની રક્ષા કરતા યુવાનોને હાલ એનિમલ કીપર તરીકે રાખવા રજુઆત



નર્મદા જીલ્લામાં જીવદયા પ્રેમીનું એક ગ્રુપ કે જેમેણે અત્યાર સુધી ઝેરી,બીન ઝેરી ૨૦ હજાર થી વધુ સાપોની રક્ષા કરી છે. ગત વર્ષે ૨૦૦૦ જેટલા ઝેરી,બીનઝેરી સાપો પકડી જેને અભિયારણમાં છોડ્યા, ૧૦૦ જેટલા મગરો ઝડપવા મદદ કરી નર્મદા જીલ્લામા ૧૫ વર્ષ થી સરીસૃપોની રક્ષા કરતા યુવાનોને હાલ એનિમલ કીપર તરીકે રાખવા યુવાનોએ જીલ્લા કલેકટર અને ડીએફઓને રજૂઆત કરી

રાજપીપળા : નર્મદા જીલ્લો ૪૩ ટકા વન વિસ્તારથી ઘેરાયેલો છે, જેમાં સૌથી મોટું સુલપાણેશ્વર આભિયારણ આવેલું છે. અને અહીંયા સૌથી ઝેરી એવા કોબ્રા, રસેલ વાઈપર, ક્રેટ, સોસ્કેર વાઈપર, આ પ્રજાતિ માત્ર ડંખ મારવાથી જીવ જતો રહે જયારે બીન ઝેરીમાં ધમણો, પિનકેટ, અજગર, સેન્ડ બુઆ વુફ સ્નેક, જેવા સાપો મોટી સંખ્યામાં રહે છે, ખોરાકની શોધમાં અને જંગલોમાં પ્રવાસીઓની સંખ્યા વધતા આ સરીસૃપો રહેણાંક વિસ્તારમાં આવી જતા હોય છે, ત્યારે આવા સાપોથી રહેઠાણ વિસ્તારમાં ફફળાટ ફેલાતો હોય છે અને ડરનાના માર્યા લોકો આ સાપોને મારી નાંખવાના પણ બનાવો વધતા એક જીવદયા પ્રેમી કેવડિયાના ભદ્રેશ ઉર્ફે માઈકલ વસાવાએ આ સરીસૃપોને બચાવવાની કામગીરી હાથ ધરી જે વનવિભાગ સાથે નિઃશુલ્ક કામ કરવા લાગ્યો, સાપોને પકડી જંગલ વિસ્તારમાં છોડી તેમની રક્ષા કરતો હવે તેની કામગીરીમાં ધર્મેશ બારીયા, અનિલ વસાવા, મેહુલ વસાવા, અજય તડવી વગેરે જોડાયા અને સારી કામગીરી કરી, પોતાનું પેટ્રોલ બાળીને પણ ફોન આવે એટલે સાપને કોઈ નુકસાન ન પહચાડે એ માટે મફત કામગીરી કરી લોકોને મદદ કરવા લાગ્યા, ત્યારે આજે ૧૫ વર્ષથી આ કામગીરી સતત ચાલુ છે અને તેઓ આખા જિલ્લામાં વડોદરા રૂરલ નસવાડી, બોડેલી સુધી જાય છે, ભરૂચ લ્લિામાં પણ ાય છે ત્યારે હવે આ યુવાનો ઘર ગ્રહસ્તી વાળા થયા માટે તેમને રોજગારીની પણ જરૂર છે. ત્યારે નર્મદા જીલ્લામા હાલ એનિમલ કીપરની જાહેરાત પડી છે, જેમાં વર્ષોથી કામગીરી કરતા આ યુવાનોને સમાવવા તેમણે રજૂઆત કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે કેવડિયામાં ટાયગર સફારી આવશે, નેશનલ પ્રાણી સંગ્રહાલય આવશે ક્રોકોડાયલ પાર્ક પણ બનશે ત્યારે આવા અનુભવી યુવાનો નર્મદા જિલ્લામાં ક્યાંય નહિ મળે, જેતે એજન્સીને કામ સોંપવામાં આવે તેમને પણ આવા અનુભવી યુવાનો નહિ મળે જેથી આવા અનુભવી યુવાનોને લેવા આ જિલ્લા કલેક્ટર અને નાયબ વન સંરક્ષકને લેખિતમાં રજુઆત કરી છે.

આ બાબતે જીવદયા પ્રેમી ભદ્રેસ વસાવાએ જણાવ્યું હતું કે ન નઅમે નર્મદા જીલ્લાના હોવા છતા અસરગ્રસ્તમા આવતા નથી સ્થાનિક અસરગ્રસ્તોને ફરજીયાત લેવામાં આવે એવું અમે પણ ઇચ્છીએ છે પણ અમારી કામગીરી અલગ છે અમે છેલ્લા વર્ષ માં ૨૦૦૦ જેટલા સરીસૃપો ઝડપી આભિયારણમાં મૂકી જીવ બચાવ્યા છે અને ૭૦ થી ૮૦ મગરો વનવિભાગ સાથે રહી ઝડપવામાં મદદ કરી છે. ત્યારે આ જોખમી કામગીરી હોય અજાણ્યા વ્યકતિ માટે જોખમ ઉભું કરી શકે છે. માટે આ કામગીરીમાં અમને તક મળે તો અમે કાયમી આ કામગીરી કરી શકીએ એવી માંગ છે.

ગૃહ કંકાસ, અશાંતિ અને આપઘાત માટે વધતી મોંઘવારી જવાબદાર

દૂધ, ઘી, અનાજ, તેલ, પેટ્રોલ, કેબલ, ટુથપ્રેસ્ટ, પુસ્તકો જેવી જીવન જરૂરીયાતની વસ્તુમાં વધી રહેલો તોતિંગ વધારો

સુરત

દિન પ્રતિદીન વધતી જતી મોંઘવારીએ આપણી સૌથી મોટી સમસ્યા છે. વધતી જતી મોંઘવારીને કારણે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોનું જીવન કાચબાની ગતીએ આગળ વધી રહ્યું છે. જીવન જરૂરીયાતની વસ્તુ જેવી કે કઠોળ, શાકભાજી, ચા, અનાજના ભાવોમાં થતા બેફામ વધારાથી ગરીબ તેમજ સામાન્ય માણસ ખુબ પરેશાન જોવા મળે છે.

આવક અને ખર્ચના છેડાને માંડ - માંડ ભેગા કરતા મધ્યમવર્ગના લોકો મોંઘવારી વધતા કેટલીક ચીજ વસ્તુઓના વપરાશમાં કાપ મુકવાનો વારો આવી ગયો છે. શહેરોમાં બનતા આપઘાતોના બનાવોમાં બનાવમાં કેટલીકવાર મોંઘવારી પણ જવાબદાર છે. ૨૦૧૮, ૨૦૧૧, ૨૦૧૫ બાદ વધુ મોંઘવારી ૨૦૧૯માં જોવા મળી રહી છે. સવારથી ઉભા થાય અને રાત્રે ઉંઘે ત્યાં સુધીની જીવન જરૂરીયાતની વસ્તુમાં મોંઘવારીનો પારો ઉંચો જોવા મળે છે. શાળા - કોલેજોમાં અને ભણતરના ખર્ચમાં વધારો જોવા મળ્યો છે. ઉપરાંત ગણવેશ અને પુસ્તારો ખરીદવા માટે વાલીઓને તોતીંગ ખર્ચ કરવો પડતો હોય છે. આમ દિન - પ્રતિદીન વધતી જતી મોંઘવારી સામાન્ય માનવી માટે કોઈ જીવલેણ રોગ જેવી ભયજનક બની ગઈ છે. વધુમાં પાછલા ૨૦ વર્ષથી કરિયાણાની દુકાન ધરાવતા સુનીલભાઈ બળવંતભાઈ ગાંધીએ જણાવ્યું હતું કે ટૂથ પ્રેસ્ટ, ચા, ખાંડના ભાવોમાં ૨૦૦૮ની તુલામાં ૨૦૧૯માં ભરખમ વધારો જોવા મળે છે.

પાનનો ગલ્લો ધરાવતા સાબીરભાઈએ જણાવ્યું હતું કે, વધતી જતી મોંઘવારીને ધ્યાનમાં રાખી વ્યસનમાં કોઈ પણ પ્રકારનો ઘટાડો જોવા મળતો નથી. ૨૦૦૮માં ૧૦ ગ્રામની ગુટખાનો પાકીટ રૂા. પાંચમાં મળતો હતો. તેજ ગુટખા ૨૦૧૯માં રૂા. પાંચનો તો મળે છે. પરંતુના પાકીટમાં ૫ ગ્રામ ગુટખા ઓછા હોય છે. વ્યસન કરતા ઈસમો તો વ્યસન કરે જ છે.

એડવોકેટ મળતા દોડીયાના મતે મોંઘવારી વધી ગઈ છે. મધ્યમ વર્ગ માટે હાલતો જાયે તો જાયે કહાં''જેવી પરિસ્થિતિ સર્જાઈ ગઈ છે.

ગૃહિણી રૂકશાના બાનુ, નરગીશ બાનુના મતે વધતી જતી મોંઘવારીને કારણે ઘરમાં વપરાતી રોજીંદા ચીજ - વસ્તુઓમાં હાથ ખેંચવાનો વારો આવી ગયો છે.